RNI No.: GUJGUJ/2014/59295

www.janfariyadnews.com

# ન્યુઝ ઓફ ગાંધીનગર

NEWS OF GANDHINAGAR (Daily) દૈનિક

E mail - prdpraval@yahoo.co.uk

*Editor : Pradip A. Raval (Mo) 98246 53073 * Block No.677/2, Gh Type, Sector - 8, Gandhinagar (Gujarat)

*Volume : 9 * Issue No. 111* Date: 09.02.2023, Thursday *Page :04 *Rs. 1.00/- *Annual Rs. 351/-

# યુપીએએ તકને મુશ્કેલીમાં ફેરવી,ક્યારેક ૨-જી તો ક્યારેક કેશ ફોર વોટમાં ફસાયેલા રહ્યાં

## દેશમાં આજે રાષ્ટ્રહિતમાં નિર્ણય લેનારી સરકાર, ઈચ્છાશક્તિથી થઈ રહ્યાં છે સુધારઃ પીએમ મોદી

(એ.આર.એલ),નવીદિલ્હી,તા.૮

વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ લોકસભામાં રાષ્ટ્રપતિના અભિભાષણનો જવાબ આપ્યો હતો.પોતાના ભાષણમાં તેમણે રાહુલ ગાંધી પર નામ લીધા વગર પ્રહારો કર્યા હતાં તેમણે કહ્યું કે આ રાષ્ટ્રપતિનું અપમાન તો છે જ સાથે સાથે તે આદિવાસી સમુદાયો પ્રત્યેની તેમની નફરત પણ દર્શાવે છે. વિરોધ પક્ષના આરોપો પર મોદીએ કહ્યું કે દેશમાં દરેક સ્તરે,દરેક ક્ષેત્રમાં,દરેક વિચારમાં આશા દેખાઈ રહી છે વિશ્વાસથી ભરેલો દેશ તે સપના અને સંકલ્પનો દેશ છે પરંતુ અહીં કેટલાક લોકો ઉંડી નિરાશામાં ડુબી ગયા છે.

વડાપ્રધાને કહ્યું કે હું રાષ્ટ્રપતિનો તેમના અભિભાષણ માટે આભાર માનું છું પોતાના દુરંદેશી ભાષણમાં રાષ્ટ્રપતિએ આપણા બધાને અને દેશવાસીઓને માર્ગદર્શન આપ્યું છે ગણતંત્રના વડા તરીકે તેમની હાજરી દેશના કરોડો લોકો માટે પ્રેરણારૂપ છે. પીએમ મોદીનું સંબોધન જય શ્રીરામના નારા સાથે શરૂ થયું. પીએમ મોદીએ પોતાના સંબોધનની શરૂઆતમાં રાષ્ટ્રપતિને અભિનંદન આપ્યા અને કહ્યું કે, અમે કરોડો દેશવાસીઓનું વિઝનરી ભાષણમાં માર્ગદર્શન કર્યું છે.

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીના સંબોધન પહેલા ગૃહમાં વિપક્ષી સાંસદોએ અદાણી મુદ્દા પર જેસીપી તપાસની માંગને લઈને બેનરો દેખાડ્યા. તેના પર સ્પીકર ઓમ બિરલાએ ટોક્યા અને કહ્યું કે તમને નેમ કરી શકાય છે. ત્યારબાદ બીઆરએસના સભ્યોએ વોકઆઉટ કરી દીધુ હતું.

રાષ્ટ્રપતિએ પોતાના અભિભાષણમાં સંકલ્પથી સિદ્ધિ સુધીનું માળખું દેશની સામે રાખ્યું છે. પીએમ મોદીએ કહ્યું કે આ ગૃહમાં બધા લોકોએ પોતાની રૂચિ અને પ્રવૃતિ અનુસાર પોતાની વાત રાખી. આ વાતોને જ્યારે સાંભળીએ અને સમજવાનો પ્રયાસ કરીએ તો તે પણ ખબર પડે છે કે કોની કેટલી ક્ષમતા છે. કોની કેટલી યોગ્યતા અને સમજ છે. કોનો શું ઈરાદો છે. તે પણ ખબર પડે છે. દેશ તેનું મૂલ્યાંકન પણ કરે છે. હું ચર્ચામાં સામેલ દરેક સભ્યોનો આભાર વ્યક્ત કરુ છું.

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ રાહુલ ગાંધીનું નામ લીધા વગર પ્રહાર કર્યો. પીએમ મોદીએ કહ્યું કે કાલે કેટલાક લોકો ઉછળી રહ્યાં હતા. તેમણે કહ્યું કે કાલે કેટલાક લોકો બોલી રહ્યાં હતા તો ઈકોસિસ્ટમ ઉછળી રહ્યું હતું. પીએમ મોદીએ કહ્યુ કે કેટલાક લોકો કહી રહ્યાં હતા કે આ થઈને વાત. તેમણે કહ્યું કે રાષ્ટ્રપતિના અભિભાષણ દરમિયાન કેટલાક લોકો દૂર રહ્યાં. એક મોટા નેતા તો તેમનું અપમાન કરી ચુક્યા છે. પીએમ મોદીએ કહ્યુ કે રાષ્ટ્રપતિના ભાષણમાં કહ્યું કે, મોટા-મોટા કૌભાંડો સરકારી યોજનામાં કૌભાંડો અને ભ્રષ્ટાચારથી દેશ મુક્તિ ઈચ્છતો હતો તે દેશને મળી રહી છે. પોલિસી પેરાલિસિસથી બહાર આવી આજે દેશ ઝડપી વિકાસ તરફ છે. મને આશા હતી કે આવી વાતોનો કેટલાક લોકો વિરોધ જરૂર કરશે... પરંતુ કોઈએ વિરોધ ન કર્યો.

પીએમ મોદીએ કહ્યુ કે ગૃહમાં હસી મજાક ટીકા ટિપ્પણી થતી રહે છે પરંતુ તે ન ભૂલવું જોઈએ કે આજે ગૌરવપૂર્ણ ક્ષણમાં આપણે જીવી રહ્યાં છીએ. મહામારી... યુદ્ધની સ્થિતિ... વિભાજીત વિશ્વ... આ સ્થિતિમાં દેશને જે રીતે સંભાળવામાં આવ્યો છે. તેનાથી દેશભરમાં આત્મવિશ્વાસ ભરાઈ રહ્યો છે. પ્રધાનમંત્રી મોદીએ લોકસભામાં કહ્યું કે પડકાર વગર જીવન હોતું નથી. ઘણા દેશોમાં ભીષણ મોંઘવારી છે. ખાવા-પીવાનું સંકટ છે. આપણા પાડોશમાં પણ આવી સ્થિતિ બનેલી છે. આવી સ્થિતિમાં કોણ હિન્દુસ્તાની પર ગર્વ નહીં કકે કે આવા સમયમાં પણ દેશ ૫મી મોટી અર્થવ્યવસ્થા બન્યો છે. આજે વિશ્વમાં ભારતને લઈને વિશ્વાસ છે. આજે ભારતને વિશ્વના સમૃદ્ધ દેશ જી૨૦ સમૂહની અધ્યક્ષતાનો પણ અવસર મળ્યો છે. આ દેશ માટે ગર્વની વાત છે. પરંતુ મને લાગે છે કે તેનાથી કેટલાક લોકોને દુખ થઈ રહ્યું છે. પ્રધાનમંત્રી મોદીએ કહ્યું કે છેલ્લા બેથી ત્રણ




દાયકા અસ્થિરતાના રહ્યાં છે. તેમણે કહ્યું કે આજે દેશમાં સ્થિર સરકાર છે, નિર્ણય લેનારી સરકાર છે. તેમણે કહ્યું કે આજે દેશ આત્મવિશ્વાસથી ભરેલો છે. ડિજિટલ ઈન્ડિયાની ચારેતરફ વાહવાહી થઈ રહી છે. એક જમાનો હતો જ્યારે નાની ટેક્નોલોજી માટે પણ દેશ તરસતો હતો. તેમણે વૈશ્વિક અસ્થિરતા, યુદ્ધની સ્થિતિનો પણ ઉલ્લેખ કર્યો અને કહ્યું કે ઈચ્છાશક્તિથી અમે સુધાર કરી રહ્યાં છીએ. પ્રધાનમંત્રી મોદીએ કહ્યું કે આ તે સરકાર છે, એક પૂર્ણ બહુમતથી ચૂંટાયેલી સરકાર છે. જે રાષ્ટ્ર માટે નિર્ણય લઈ શકે છે. રિફોર્મ આઉટ ઓફ કંવિક્શન થઈ રહ્યાં છે. અમે આ માર્ગથી હટવાના નથી. દેશને જે સમયે જે જોઈએ તે આપતા રહીશું. વિપક્ષી પાર્ટીઓ પર પ્રહાર કરતા પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ કહ્યું કે આજે દેશ દરેક ક્ષેત્રમાં આગળ વધી રહ્યો છે. કેટલાક લોકો તેને સ્વીકારી શકતા નથી. તેમણે રિન્યુએબલ એનર્જીમાં ચોથો સૌથી મોટો દેશ, મોબાઈલ મેન્યુફેક્ચરિંગમાં બીજા નંબરનો સૌથી મોટો દેશ બનવાનો ઉલ્લેખ કર્યો અને કહ્યું કે આજે ખેલાડીઓ પોતાનું સ્ટેટસ બતાવી રહ્યા છે. વિશ્વમાં ભારતનો ડંકો વાગી રહ્યો છે. ભારત મેન્યુફેક્ચરિંગનું હબ બની ગયું છે. આજે દેશના દરેક ક્ષેત્રમાં આશા દેખાઈ રહી છે, પરંતુ કેટલાક લોકો તેને જોઈ શકતા નથી. તેમણે સ્ટાર્ટઅપની ઝડપી વૃદ્ધિનો પણ ઉલ્લેખ કર્યો અને કહ્યું કે આજે દેશમાં ૧૦૯ યુનિકોર્નની રચના થઈ છે. કાકા હાથરાસીને ટાંકીને તેમણે કહ્યું કે જે વિચારે છે, તે જ જોશે. પીએમ મોદીએ કહ્યું કે કેટલાક લોકો નિરાશ છે. આ નિરાશા પણ આવી જ નથી આવી.એક છે જનતાનો હુકમ, ફરી ફરીને આદેશ. તેમણે કહ્યું કે ૨૦૧૪ પહેલા અર્થવ્યવસ્થા ખાટી થઈ ગઈ હતી, ફુગાવો ડબલ ડિજિટમાં રહ્યો હતો. કંઈક સારું થાય છે અને નિરાશા બહાર આવે છે અને સામે આવે છે.

## ૪ કલાકમાં ગૌતમ અદાણીની નેટવર્થમાં ૪૦ હજાર કરોડનો વધારો, ટોપ ૨૦ અરબપતિઓના લિસ્ટમાં ફરી સામેલ

મુંબઈ,તા.૮

અત્યારે હાલમાં દરેક જગ્યા પર બસ એક જ વ્યક્તિને લઈને ચર્ચા થઈ રહી છે અને તે વ્યક્તિ છે બિઝનેસમેન ગૌતમ અદાણી. સતત બીજા દિવસે ગૌતમ અદાણીની કંપનીઓના શેરમાં ઘણી તેજી જોવા મળી રહી છે. માત્ર ૨૭૦ મિનિટમાં ગૌતમ અદાણીની નેટવર્થે ૪૦ હજાર કરોડ રૂપિયાની છલાંગ જ નથી લગાવી પણ તેમને દુનિયાના અરબપતિઓની ટોપ-૨૦ની લિસ્ટમાં વાપસી પણ કરી લીધી છે. ફોર્બ્સ રિયલ ટાઈમ બિલેનિયર્સના લિસ્ટમાં તેમને ૫માં નંબર પર જમ્પ માર્યો છે. તમને જણાવીએ કે આખરે ગૌતમ અદાણીની નેટવર્થ કેટલી થઈ ગઈ છે.ગૌતમ અદાણીની નેટવર્થમાં સતત બીજા દિવસે વધારો જોવા મળી રહ્યો છે. ફોર્બ્સ રિયલ ટાઈમ બિલેનિયર્સની લિસ્ટમાં તેમની નેટવર્થ ૬૪.૩ અરબ ડોલર થઈ ગઈ છે, જ્યારે એક દિવસ પહેલા તેમની નેટવર્થ ૬૦ અરબ ડોલર હતી. આ વધારા બાદ તે હવે દુનિયાના ૧૭માં સૌથી અમીર ઉદ્યોપતિ બની ગયા છે. તમને જણાવી દઈએ કે એક દિવસ પહેલા તે ૨૧માં નંબર પર હતા.

સવારે ૯ કલાક ૧૫ મિનિટે શેર બજાર ખુલ્યુ હતું અને ત્યારે તેમની નેટવર્થમાં વધારો થવાની શરૂઆત થઈ, ૧ કલાક અને ૪૫ મિનિટ સુધી ગૌતમ અદાણીની નેટવર્થમાં ૪.૯ બિલિયન ડોલરનો વધારો જોવા મળી ચૂક્યો હતો.

## મુંબઈ લોકલ ટ્રેનમાં મહિલાએ બાળકને જન્મ આપ્યો, મહિલા મુસાફરોએ સુરક્ષિત ડિલિવરી કરાવી

મુંબઈ,તા.૮

મુંબઈના કસારાથી એક મહિલા મુંબઈ જઈ રહી હતી. મુસાફરી દરમિયાન મુંબઈની લોકલ ટ્રેનમાં મહિલાએ બાળકને જન્મ આપ્યો છે.મહિલા કસરાથી મુંબઈ જતી મુંબઈ લોકલ ટ્રેનમાં મુસાફરી કરી રહી હતી. યાત્રા દરમિયાન મહિલાએ બાળકને જન્મ આપ્યો હતો. આ દરમિયાન મહિલા મુસાફરો અને મહિલા કોન્સ્ટેબલોએ ઘણી મદદ કરી. આ બાબતે ટિટવાલા લોહમાર્ગ પોલીસે જણાવ્યું કે માતા અને બાળક બંને સ્વસ્થ છે. બંનેને ખાનગી હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યા છે. એક માહિતી અનુસાર, મહિલા વાકચૌરે શાહપુર તાલુકાના આટગાંવ વિસ્તારમાં રહે છે.

મળતી માહિતી મુજબ મહિલા આટગાંવથી લોકલ ટ્રેનમાં મુસાફરી કરીને મુંબઈ જઈ રહી હતી.

## વિરોધ પ્રદર્શન દરમિયાન પીડીપી ચીફ મહેબુબા મુફ્તિની દિલ્હી પોલીસે કરી અટકાયત

નવીદિલ્હી,તા.૮

દિલ્હીમાં વિરોધ પ્રદર્શન બાદ પોલીસે પીડીપી ચીફ અને જમ્મુ-કાશ્મીરના પૂર્વ મુખ્યમંત્રી મહેબૂબા મુફ્તીની અટકાયત કરી છે. પીડીપી નેતા મુફ્તી જમ્મુ અને કાશ્મીર પ્રશાસનની અતિક્રમણ વિરોધી ઝુંબેશ સામે દિલ્હીમાં વિરોધ કરી રહ્યા હતા, ત્યારબાદ પોલીસ દ્વારા તેમને વિરોધ સ્થળ પરથી અટકાયતમાં લેવામાં આવી હતી.જમ્મુ-કાશ્મીર પ્રશાસન દ્વારા ચલાવવામાં આવી રહેલા અતિક્રમણ વિરોધી અભિયાન સામે કેન્દ્રશાસિત પ્રદેશનું રાજકારણ ગરમાયું છે. વિરોધ પક્ષોએ તેના પર ગરીબોને નિશાન બનાવવાનો આરોપ લગાવ્યો છે. મોટા પાયે અતિક્રમણ સામે બુલડોઝરની કાર્યવાહી થતાં વિરોધ શરૂ થયો છે.

## તુર્કી- સિરિયા ભૂકંપ, ૯૫૦૦ મૃતદેહ મળ્યાઃ ૨૦ હજારથી વધુ લોકોનાં મૃત્યુ : વર્લ્ડ હેલ્થ ઓર્ગેનાઈઝેશન

તુર્કી અને સિરિયામાં ભૂકંપથી પરિસ્થિતિ વધુ ખરાબ થતી જઈ રહી છે. અત્યાર સુધીમાં કુલ ૯૫૦૦ લોકોનાં મૃત્યુ થયાં હોવાની જાણકારી મળી છે. ઘાયલોની સંખ્યા ૨૫ હજાર સુધી પહોંચી ગઈ છે. બંને દેશની મદદ કરવા માટે ૭૦થી પણ વધારે દેશો આગળ આવ્યા છે. વર્લ્ડ હેલ્થ ઓર્ગેનાઈઝેશનના જણાવ્યા પ્રમાણે, મૃત્યુનો આંકડો ૨૦ હજારને પાર કરી થઈ શકે છે. તુર્કીમાં અત્યાર સુધીમાં ૮ હજાર લોકોને બચાવવામાં આવ્યા છે. રેસ્ક્યૂ-ઓપરેશન માટે ૨૪ હજારથી વધારે બચાવકર્મચારી ત્યાં હાજર છે. લગભગ ૩ લાખ ૮૦ હજાર લોકોએ સરકારી શેલ્ટર અને હોટલમાં આશરો લીધો છે. રાષ્ટ્રપતિ રિસેપ તૈયપ એર્દોગને ૧૦ રાજ્યમાં ત્રણ મહિના માટે ઈમર્જન્સી લગાવી દીધી છે.



સુરતની નવી સિવિલ હોસ્પિટલ ખાતેની મેડિકલ રિલીફ ટીમ (નર્સિંગ) તુર્કીમાં આવેલા વિનાશક ભૂકંપમાં સેવામાં જવા માટે સરકારને તૈયાર બતાવી છે. આ માટે સુરતથી ૭૫ જેટલા સભ્યોની મેડિકલ રિલીફ ટીમનું લિસ્ટ પણ તૈયાર કરી દેવામાં આવ્યું છે અને તે તમામે તુર્કીમાં જવા અંગેની સંમતિ પણ દર્શાવી આપી છે.

ભૂકંપનું એપીસેન્ટર તુર્કી હતું. એને ધ્યાનમાં રાખીને એક્સપર્ટ્સ જણાવે છે કે અહીં ટેક્ટોનિક પ્લેટ્સ ૧૦ ફૂટ (૩ મીટર)સુધી ખસી ગઈ. જોકે તુર્કી ૩ ટેક્ટોનિક પ્લેટ્સ વચ્ચે આવેલું છે. આ પ્લેટ્સ છે- એનાટોલિયન ટેક્ટોનિક પ્લેટ, યુરોશિયન અને અરેબિયન પ્લેટ.

એક્સપર્ટ્સના જણાવ્યા પ્રમાણે, એનાટોલિયન ટેક્ટોનિક પ્લેટ અને અરેબિયન પ્લેટ એકબીજાથી ૨૨૫ કિલોમીટર દૂર ખસી ગઈ છે. એને કારણે તુર્કી પોતાની ભૌગોલિક જગ્યાથી ૧૦ ફૂટ ખસી ગયું છે. ઈટાલીના સિસ્મોલોજિસ્ટ ડોક્ટર કાર્લો ડોગ્લિયોનીએ જણાવ્યું હતું કે ટેક્ટોનિક પ્લેટ્સમાં આવેલા દબાણને કારણે એવું થઈ શકે છે કે તુર્કી સિરિયાની સરખામણીમાં ૫થી ૬ મીટર (લગભગ ૨૦ ફૂટ) અંદર ઊતરી ગયું હોય. તેમના પ્રમાણે, આ જાણકારી શરૂઆતના ડેટાથી મળી છે. આવનારા દિવસોમાં સેટેલાઈટ ઈમેજથી સચોટ જાણકારી મળી શકે છે. તુર્કીમાં ૫,૮૯૪ લોકોએ જીવ ગુમાવ્યો છે અને ૩૪, ૮૧૦થી વધુ લોકોના ઘાયલ થવાના સમાચાર મળ્યા છે. સિરિયામાં ૧,૭૧૨ લોકો માર્યા ગયા અને ૨ હજારથી વધુ ઘાયલ છે સિરિયાના અલેપ્પો શહેરમાં અનેક લોકો કાટમાળ નીચે દબાયેલા છે. તેમને કાઢવા માટે રશિયાની આર્મી સિરિયાની આર્મીને મદદ કરી રહી છે. સિરિયાના અલેપ્પો શહેરમાં અનેક લોકો કાટમાળ નીચે દબાયેલા છે. તેમને કાઢવા માટે રશિયાની આર્મી સિરિયાની આર્મીને મદદ કરી રહી છે.

તુર્કી અને સિરિયામાં સોમવારે સવારે ૩ મોટા ભૂકંપ આવ્યા હતા. તુર્કીના સમય પ્રમાણે, પહેલો ભૂકંપ સોમવારે સવારે લગભગ ચાર વાગે(૭.૮), બીજો લગભગ ૧૦ વાગે (૭.૬) અને ત્રીજો બપોરે ૩ વાગે(૬.૦) આવ્યો. આ સિવાય ૨૪૩ આફ્ટર શોક્સ પણ નોંધવામાં આવ્યા છે, જેની તીવ્રતા ૪થી ૫ રહી. તુર્કીમાં મંગળવારે સવારે ૮.૫૩ વાગે ફરી ભૂકંપ આવ્યો. એ પછી બપોરે ૧૨.૪૧ વાગે ૫.૪ તીવ્રતાનો ભૂકંપ આવ્યો. તુર્કીમાં ૭ દિવસનો રાષ્ટ્રીય શોક છે. ૧૦ શહેરમાં ઈમર્જન્સી અને રેડ એલર્ટ જાહેર કરવામાં આવ્યું છે. બધી જ સ્કૂલ-કોલેજ એક અઠવાડિયા માટે બંધ રહેશે. ૨૦૦ ફ્લાઈટ્સ રદ કરી દેવામાં આવી છે. ૧૬ હજાર લોકો બચાવકાર્યમાં જોડાઈ ગયા છે.ભૂકંપનું એપીસેન્ટર તુર્કીનું ગાઝિયાન્ટેપ શહેર રહ્યું, જે સિરિયા બોર્ડરથી ૯૦ કિમી દૂર છે. એની આસપાસના વિસ્તારોમાં વધારે વિનાશ થયો.તુર્કીનાં અનેક શહેરોમાં તાપમાન ૯થી માઈનસ ૨ ડીગ્રી સેલ્સિયસ પહોંચી ગયું છે. ઁદ્રએ જણાવ્યું હતું કે બરફવર્ષા અને વરસાદને કારણે ભૂકંપથી પ્રભાવિત બંને જ દેશોમાં બચાવકાર્ય પ્રભાવિત થઈ રહ્યું છે. ઈમર્જન્સી સર્વિસની ટીમને રેસ્ક્યૂમાં ખૂબ જ મુશ્કેલી પડી રહી છે. આ સિવાય ચેક રિપબ્લિક, ફ્રાન્સ, માલ્તા, નેધરલેન્ડ, પોલેન્ડ, અલ્જીરિયા, ઈટાલી, મોલ્દોવા, અલ્બાનિયા, ઉઝ્બેકિસ્તાન, હંગેરી, જર્મની, સર્બિયા, સ્લોવાકિયા, આર્મેનિયા અને કતારે પણ તુર્કી અને સિરિયામાં મદદ મોકલવાનું એલાન કર્યું છે.દુનિયામાં દર વર્ષે અનેક ભૂકંપ આવે છે, પરંતુ એની તીવ્રતા ઓછી હોય છે. નેશનલ અર્થક્વેક ઈન્ફોર્મેશન સેન્ટર દર વર્ષે લગભગ ૨૦,૦૦૦ ભૂકંપ રેકોર્ડ નોંધે છે, જેમાંથી ૧૦૦ ભૂકંપ એવા છે, જે વધુ નુકસાન પહોંચાડે છે. એ થોડી સેકન્ડ સુધી ચાલે છે. ઈતિહાસનો સૌથી લાંબો ભૂકંપ ૨૦૦૪માં હિંદ મહાસાગરમાં આવ્યો હતો. આ ભૂકંપ ૧૦ મિનિટ સુધી ચાલ્યો હતો.

### ‘દિલ્હીને જલ્દી મેયર મળવો જોઈએ

## આપની અરજી પર સુપ્રીમ કોર્ટે એલજી ઑફિસ અને પ્રો-ટેમ સ્પીકરને નોટિસ મોકલી

નવીદિલ્હી,તા.૮

દિલ્હી મ્યુનિસિપલ કોર્પોરેશનના મેયર પદ માટે વહેલી ચૂંટણીની માંગ પર સુપ્રીમ કોર્ટે એલજીની ઓફિસ અને પ્રોટેમ સ્પીકર સત્ય શર્માને નોટિસ પાઠવી છે. આમ આદમી પાર્ટીના મેયર પદના ઉમેદવાર શૈલી ઓબેરોયે આ માટે સુપ્રીમ કોર્ટમાં અરજી કરી છે. કોર્ટે દિલ્હી સરકાર અને સ્ઝ્રઙ્ઘ કમિશનરને પણ નોટિસ પાઠવીને સોમવાર સુધીમાં તેમનો જવાબ માંગ્યો છે.



શૈલી ઓબેરોય તરફથી વરિષ્ઠ વકીલ અભિષેક મનુ સિંઘવી બુધવારે ચીફ જસ્ટિસ ડીવાય ચંદ્રચુડની આગેવાની હેઠળની બેંચ સમક્ષ હાજર થયા હતા. સિંઘવીએ જણાવ્યું હતું કે નગરપાલિકાની ચૂંટણી ૪ ડિસેમ્બરે યોજાઈ હતી, પરંતુ બે મહિના વીતી જવા છતાં હજુ સુધી મેયર, ડેપ્યુટી મેયર અને સ્થાયી સમિતિના સભ્યોની ચૂંટણી થઈ નથી. બંધારણ મુજબ, નામાંકિત કાઉન્સિલરોને મત આપવાનો અધિકાર નથી, પરંતુ પ્રોટેમ સ્પીકર તેમને પણ મતદાન કરવાની મંજૂરી આપે છે.

અભિષેક મનુ સિંઘવીએ એવી પણ દલીલ કરી હતી કે પ્રોટેમ સ્પીકર સત્ય શર્મા મેયર, ડેપ્યુટી મેયર અને સ્ટેન્ડિંગ કમિટીના સભ્યો માટે એકસાથે ચૂંટણી કરાવવા માંગે છે. આ ગેરબંધારણીય છે. પહેલા મેયર પદ માટે ચૂંટણી થવી જોઈએ. ત્યાર બાદ તેમની અધ્યક્ષતામાં ડેપ્યુટી મેયર અને સ્ટેન્ડિંગ કમિટીના સભ્યોની ચૂંટણી થવી જોઈએ. દિલ્હીમાં એમસીડીની ચૂંટણી ગયા વર્ષે ૪ ફેબ્રુઆરીએ યોજાઈ હતી. ૭ ફેબ્રુઆરીએ ચૂંટણીના પરિણામો પણ જાહેર કરવામાં આવ્યા હતા, પરંતુ બે મહિના વીતી જવા છતાં દિલ્હીને તેનો મેયર મળી શક્યો નહોતો.

૬ઠ્ઠી જાન્યુઆરી, ૨૪મી જાન્યુઆરી અને ૬ઠ્ઠી ફેબ્રુઆરીના રોજ યોજાયેલી એમસીડીની બેઠકો આપ અને મ્વ્નાના કાઉન્સિલરો દ્વારા હોબાળાને કારણે વિકૃત થઈ હતી આપ-ભાજપ વચ્ચે ઝઘડાનું કારણ એલજી દ્વારા નિયુક્ત ૧૦ નોમિનેટેડ કાઉન્સિલરો છે. તમે ઈચ્છો છો કે નોમિનેટેડ કાઉન્સિલરોને વોટનો અધિકાર ન મળવો જોઈએ. જ્યારે ભાજપ તેમને વોટિંગનો હિસ્સો બનાવવા માંગે છે. પ્રોટેમ સ્પીકરે કહ્યું છે કે મેયર, ડેપ્યુટી મેયર અને સ્ટેન્ડિંગ કમિટીના સભ્યોની ચૂંટણી એક સાથે થવી જોઈએ. આમ આદમી પાર્ટીને પણ તેની સામે વાંધો છે.આપ નેતા શૈલી ઓબેરોય દ્વારા દાખલ કરવામાં આવેલી અરજીમાં સત્ય શર્માને પ્રોટેમ સ્પીકર પદ પરથી હટાવવાની માંગ કરવામાં આવી છે. સ્ઝ્રઙ્ઘની બેઠક એક સપ્તાહની અંદર બોલાવવી જોઈએ અને જ્યાં સુધી મેયર પદની ચૂંટણી ન થાય ત્યાં સુધી ગૃહને સ્થગિત ન કરવું જોઈએ. ડેપ્યુટી મેયર અને સ્ટેન્ડિંગ કમિટીના સભ્યોની ચૂંટણી મેયરની અધ્યક્ષતામાં થવી જોઈએ અને નામાંકિત કાઉન્સિલરોને મતદાનનો અધિકાર આપવો જોઈએ નહીં.

NEWS OF GANDHINAGAR_P-1

## તંત્રી સ્થાનેથી...

# અરાજકતાની છૂટ

દિલ્હીની એક અદાલતે ડિસેમ્બર ૨૦૧૯માં જામિયા મિલ્લિયા ઈસ્લામિયાની આસપાસ નાગરિકતા સંશોધન કાયદા વિરુદ્ઘ થયેલ ભીષણ હિંસામાં આરોપી ૧૧ લોકોને જે રીતે આરોપમુક્ત કરી દીધા, તેનાથઈ કેટલાય પ્રશ્નો ઊભા થયા છે. આ પ્રશ્નોના જવાબ મળવા જરૂરી છે, કારણ કે અદાલત એ નિષ્કર્ષ પર પહોંચી છે કે પોલીસ હિંસાના અસલી કાવતરાખોરોને પકડવામાં અસફળ રહી. દિલ્હી પોલીસે કાં તો અદાલતના ચુકાદાને પડકારવો જોઈએ અથવા તો એ જણાવવું જોઈએ કે તે અપરાધીઓ સુધી પહોંચવામાં નિષ્ફળ કેમ રહી? એ સ્વીકાર ન કરી શકાય કે દિલ્હી પોલીસ અદાલતના ચુકાદાનો સ્વીકાર કરી લે અને હિંસાના ગુનેગારોની તપાસ ન આદરે. જો એવું કંઈ થશે તો હિંસાના દોષીતોનું દુસ્સાહસ હજુ પણ વધશે. એની અવગણના ન કરી શકાય કે નાગરિકતા સંશોધન કાયદા વિરુદ્ઘ હિંસાની શરૂઆત જામિયા મિલ્લિયા ઈસ્લામિયાની આસપાસથી જ થઈ હતી. આ હિંસા દિલ્હી જ નહીં, દેશને પણ ધ્રુજાવનારી હતી. ત્યારબાદ દિલ્હીની સાથે દેશના અન્ય વિસ્તારોમાં પણ હિંસા ફાટી નીકળી હતી. અદાલતે આરોપમુક્ત કરવામાં આવેલા લોકોને જે રીતે બલિનો બકરો ગણાવતાં અસહમતિને પ્રોત્સાહિત કરવાની વાત કરી, તે ગળે ઉતરે તેવી નથી. એટલા માટે, કારણ કે એ કોઈથી છૂપું નથી કે નાગરિકતા સંશોધન કાયદા વિરુદ્ઘ હિંસા અસહમતિ વ્યક્ત કરવાના બહાને કરવામાં આવી હતી અને એ દરમ્યાન ભારે આગચંપી અને તોડફોડ કરવામાં આવી હતી.

જો આગચંપી, તોડફોડ અને દરેક પ્રકારની અરાજકતાને પણ અસહમતિના આવરણમાં ઢાંકી દેવામાં આવશે તો કાયદાના શાસનની સાથે લોકતંત્રને પણ સંચાલિત કરવું મુશ્કેલ બની જશે. જામિયા મિલ્લિયા ઈસ્લામિયા હિંસા મામલે અદાલત ભલે દિલ્હી પોલીસના નિષ્કર્ષોથી વિપરીત પહોંચી હોય, પરંતુ એ એક તથ્ય છે કે નાગરિકતા સંશોધન કાયદાના વિરોધ માટે જે ભડકાઉ નિવેદનબાજી કરવામાં આવી હતી, તેણે જ હિંસાનું વાતાવરણ પેદા કર્યું હતું. આ વાત દીવા જેવી સ્પષ્ટ છે અને કોઈ નાનું બાળક પણ તેને સમજી શકે. સ્પષ્ટ છેકે અરાજકતા ફેલાવનારા કોઈપણ કૃત્યને અસહમતિની સંજ્ઞા ન આપી દેવાય. આવું થશે તો અરાજકતાને ખુલ્લી છૂટ મળવા લાગશે. આવું પહેલી વાર નથી થયું કે અરાજકતાના કેસમાં કોઈ અદાલતે પોલીસની ફરિયાદને ફગાવી દીધી હોય. આ પ્રકારના કિસ્સા હવે બનતા જ રહે છે. કેટલીય વાર આવા કિસ્સા ચોંકાવનારા પણ હોય છે. એવા મામલે એમ કહી દેવાથી કામ ચાલવાનું નથી કે પોલીસની કાર્યપ્રણાલીમાં સુધારની જરૂર છે. નિઃસંદેહ તેની જરૂરિયાત છે અને તેને સતત અનુભવી પણ શકાય છે, પરંતુ તેની સાથે અસહમતિના અધિકારની નવેસરથી વ્યાખ્યા કરવાની પણ તાતી જરૂર છે. હાલમાં તો એવું લાગે છે કે તપાસ એજન્સીઓ અને અદાલતો અસહમતિને અલગ-અલગ રીતે જુએ અને પરિભાષિત કરે છે. કદાચ એ જ કારણ છે કે અસહમતિના નામે દરેક પ્રકારની અરાજકતા જોવા મળી રહી છે.

### ભાઈ એસી ચાલુ કર

બાપુજીથી ગરમી સહન થતી નથી,
ચિતાની આગથી રેબઝેબ થયા છે,
ભાઈ એસી ચાલુ કર.
લગ્નના બંધનને માંડમાંડ નિભાવ્યું છે,
નનામીનાં મુશ્કેટાટબંધનને ઢીલું કર,
ભાઈ એસી ચાલુ કર.
તસવીરમાંથી બા કેવા ડોળા કાતરે છે,
પડોશણ સાથે લુપાછપીનો ખેલે ખેલ,
ભાઈ એસી ચાલુ કર.
એકેકતણખલા ભેગા કરી માળો બનાવ્યો,
ઘરનાએ તહસનહસ કર્યો,ઓશિયાળા થયા,
ભાઈ એસી ચાલુ કર.
દીકરાએ મિલ્કત બથાવી લીધી ને થયા બેઘર ,
છેલ્લા દિવસો વૃધ્ધાશ્રમમાં ઓશિયાળા કાઢ્યા,
ભાઈ એસી ચાલુ કર.
આ કવિતા વાંચી સુધરવાને છેલ્લો અવકાશ છે,
વિષાદ વતા વસવસાનો વલવલાટ કાયમ રહેશે,
ભાઈ એસી ચાલુ કર.

ભરત વૈષ્ણવ
૮.૨.૨૦૨૧ કાવ્ય

# આદિત્ય ઠાકરેની કાર પર પથ્થરમારો, નેતાએ ગણાવ્યું શિંદે જૂથનું કાવતરું

મુંબઈ,તા.૮

મહારાષ્ટ્રના ઔરંગાબાદ જિલ્લાના મહાલગાંવમાં શિવસેનાના નેતા આદિત્ય ઠાકરેના કાફલા પર કેટલાક તોફાની તત્વોએ પથ્થરમારો કર્યો હતો. શિવસેનાના નેતા અબ્દાસ દાનવે, જેઓ ઠાકરેની સાથે શિવ સંવાદ યાત્રામાં હતા, તેમણે આરોપ લગાવ્યો કે ઠાકરેની કાર પર શિંદે જૂથના કાર્યકરો દ્વારા હુમલો કરવામાં આવ્યો હતો. શિવસેના (ઉદ્ધવ બાળાસાહેબ ઠાકરે)ના નેતા આદિત્ય ઠાકરે ઔરંગાબાદના પ્રવાસે હતા ત્યારે કેટલાક સ્થાનિકોએ ઠાકરેની કાર પર પથ્થરમારો કર્યો હતો.આ ઘટના કેમેરામાં પણ રેકોર્ડ થઈ ગઈ હતી. ઘટનાના વીડિયોમાં જોવા મળી રહ્યું છે કે આદિત્ય ઠાકરે અને અંબાદાસ દાનવેની કારની સામે કેટલાક લોકોએ હંગામો મચાવ્યો હતો. અંબાદાસ દાનવે ઉદ્ધવ ઠાકરે કેમ્પના નેતા છે. એક મીડિયા હાઉસના અહેવાલ મુજબ દાનવેએ એક વીડિયો જાહેર કરીને કહ્યું કે પથ્થરમારાની ઘટના પાછળ સંભાજીનગરના સ્થાનિક ધારાસભ્યનો હાથ છે. તેમણે દાવો કર્યો હતો કે આ હિંદુ અને દલિત સમાજ વચ્ચે ભાગલા પાડવા માટે કરવામાં આવ્યું હતું.

અબ્દાસ દાનવેએ ઔરંગાબાદમાં આદિત્ય ઠાકરેના કાર્યક્રમમાં સુરક્ષા ભંગ અંગે મહારાષ્ટ્ર પોલીસના મહાનિર્દેશકને પત્ર લખ્યો છે. દાનવેએ ડીજીપીને ઉલ્લંઘનની ગંભીરતાથી તપાસ કરવા અને જરૂરી પગલાં લેવા વિનંતી કરી છે.શિવસેનાના નેતા આદિત્ય ઠાકરેએ સોમવારે પાર્ટીની 'શિવ સંવાદ' યાત્રાની સાતમી આવૃત્તિની શરૂઆત કરી. આ દરમિયાન તેઓ મરાઠવાડાના ત્રણ જિલ્લાની મુલાકાત લેશે. પાર્ટી દ્વારા જાહેર કરાયેલા નિવેદન અનુસાર, આદિત્ય ઠાકરે દિવસ દરમિયાન મુબધેગાંવ, વડગાંવ પિંગલા, સિન્નર અને પલસે ગામોની મુલાકાત લેશે અને ત્યારબાદ નાશિકમાં પાર્ટીની બેઠકને સંબોધિત કરશે.

# યુનિવર્સિટી- કોલેજો વનબીએચકેમાં ચલાવો!!

ભારત દેશમાં ૭૩૬ જિલ્લા અને ૫૫૬૦ તાલુકા છે. જ્યારે ૬,૪૯,૪૮૧ ગામો છે. એમાંનું ઉત્તરપ્રદેશના હાપુડ જિલ્લાનું એક ગામ નુરપુર છે.આમ તો ગામડાગામ ગામ જેવું ગામ છે.

વેઈટ એ મિનિટ!! આ ગામ સાથે એક વ્યકિત વિશેષ જોડાયેલ છે. હવે તમને ગામમાં રસ પડશે. હું કહું કે આ ગામે ભારતને વડાપ્રધાનની ભેટ આપી છે. હવે, સસલાની જેમ તમારા કાન સરવા થશે. તમારા દિમાગમાં બતી જલવા માંડશે અને એ મહાનુભાવ કોણ હતા તે સવાલ ચકડોળની માફક ધુમવા લાગશે. તમારું બ્રેઈન સ્ટ્રોમિંગ - વિચાર મંથન- વિચાર વલોણું ઘૂમવા લાગશે!!

તમારામાંથી કેટલાંએ ચૌધરી ચરણસિંહનું નામ સાંભળ્યું હશે તે સવાલ છે. ઘણા લોકો તેને જયંત ચૌધરીના દાદા કે ભારતના રાજકારણમાં મૌસમ વિજ્ઞાની એવા અજીતસિંહના પિતા તરીકે જાણતા હશે. ચૌધરી ચરણસિંહની આટલી ઓળખ તેમની વૈશ્વિક પ્રતિભા માટે અપ્રયાપ્ત ગણાશે. ચરણસિંહ દેશના એવા પ્રધાનમંત્રી હતા કે તેમણે તેમના કાર્યકાળમાં સંસદનો સામનો કર્યો ન હતો.

ચરણસિંહના વ્યકિતત્વમે સમજવા થોડી અગત્યની જાણકારી મેળવવી જરૂરી છે. જેથી જાણ્યે અજાણ્યે તેમના વ્યક્તિત્વને અન્યાય ન કરી બેસીએ.

ચરણસિંહનો જન્મ ૨૩.૧૨.૧૯૦૨માં તે સમયના મેરઠ જિલ્લાના નુરપુર ગામમાં થયેલ હતો. તેના પિતાજી સામાન્ય સ્થિતિના ખેડૂત હતા. હકીકતમાં ચરણસિંહના જન્મ વખતે તેઓ એક જમીનદારના ગણોતિયા હતા. એમના બે કાકા લશ્કરમાં સૈનિક હતા. ચરણસિંહે હાઈસ્કૂલનું શિક્ષણ મેરઠમાં અને આગ્રામાં લીધેલું. ૧૯૨૩માં બી.એસસી. અને ૧૯૨૫માં ઈતિહાસના વિષય સાથે એમ.એ. થયેલા. ત્યાર પછી કાયદાનો અભ્યાસ પણ કર્યો હતો. ૧૯૨૮માં ગાઝિયાબાદમાં વકીલાત શરૂ કરી. તે સાથે સ્વતંત્રતાના આંદોલનમાં, ખાસ કરીને ૧૯૩૦ના મીઠા સત્યાગ્રહમાં ભાગ લીધો. તેમને છ માસની જેલની સજા થઈ. ૧૯૪૦માં વ્યક્તિગત સત્યાગ્રહમાં જોડાયા તેથી એક વર્ષની સજા થઈ. ફરીથી ૧૯૪૨ની ચળવળમાં ભાગ લેતાં જેલવાસ ભોગવ્યો.

ચરણસિંહની રાજકીય કારકિર્દી જિલ્લા કક્ષાની પ્રવૃત્તિઓથી શરૂ થઈ હતી. સૌપ્રથમ ૧૯૩૨માં તેઓ જિલ્લા લોકલ બોર્ડના ઉપપ્રમુખ બન્યા હતા. ૧૯૩૭ની પ્રાંતિક વિધાનસભાની ચૂંટણીમાં તેઓ કૉંગ્રેસના ઉમેદવાર તરીકે ચૂંટાઈ આવ્યા હતા. ઉત્તરપ્રદેશ સરકારમાં સંસદીય મંત્રી તરીકે ૧૯૪૬થી ૧૯૫૧ સુધી; અને ત્યારબાદ ૧૯૬૭ સુધી પ્રધાનમંડળમાં જુદી જુદી જવાબદારી સંભાળી હતી. તેઓ ૧૯૬૭માં અને ૧૯૭૦માં ઉત્તરપ્રદેશના પંતપ્રધાન બન્યા. ૧૯૭૭માં જનતા પક્ષની રચનામાં તેમણે મહત્વની ભૂમિકા ભજવી. તેઓ સંસદમાં ચૂંટાઈ આવ્યા અને ગૃહપ્રધાન બન્યા. ૧૯૭૯માં નાયબ વડાપ્રધાન અને નાણાપ્રધાન બન્યા. 'લોકદળ' પક્ષની રચના કરી. જુલાઈ ૧૯૭૯માં વડાપ્રધાન બન્યા અને આ સ્થાન પર જાન્યુઆરી ૧૯૮૦ સુધી ચાલુ રહ્યા.

ચરણસિંહની રાજનીતિમાં અતડાપણું કે કપટ નહોતું .બલ્કે ,જે એમને સારું લાગતું એને તેઓ છાતી ઠોકીને સારું કહેતા અને જે ખરાબ લાગતું એને ખરાબ કહેવામાં કોઈ શરમ નહોતા રાખતા. તેમનું વ્યક્તિત્વ રુઆબદાર હતું, જેની સામે બોલવાની લોકોની હિંમત ચાલતી ન હતી.

ચરણસિંહસાધારણ ઍમ્બેસેડર ગાડીમાં પ્રવાસ કરતા હતા. હવાઈ મુસાફરીની વિરુદ્ધ હતા અને વડા પ્રધાન બન્યા બાદ પણ લખનૌ ટ્રેનથી જતા.જો ઘરમાં કોઈ વધારાનો બલ્બ સળગતો દેખાતો તો ચરણસિંહ ઠપકો આપી તરત જ બંધ કરાવી દેતા હતા.તેમનો વ્યવહાર

'કાં તો તમે એમને નફરત કરી શકો, કાં તો ભરપૂર પ્રેમ.' પ્રકારનો રહેતો હતો.એમની પાસેથી તમને કાં તો આકરો ગુસ્સો મળતો અથવા તો અગાઢ સ્નેહ.એમનો વ્યવહાર કાચ જેવો પારદર્શક અને ગ્રામીણ વડીલ જેવો કે તેઓ સંત કબીરના મોટા અનુયાયી હતા. કબીરના અનેક દુહાઓ તેમને કંઠસ્થ હતા.

ચૌધરી ચરણસિંહે પોતાના જાહેરજીવનમાં ઈમાનદારીના જે માપદંડ સ્થાપિત કર્યા હતા તેની કલ્પના અત્યારે કરવી મુશ્કેલ છે.તેમના સાઢુએ સ્કૂટર ખરીદવા યુપીના મુખ્યમંત્રીના કવોટાનો ઉપયોગ તેમની જાણ બહાર કરતા તેને રદ કરાવ્યો હતો.

ચરણસિંહ પારાયણ કરવાનો એક ઉપક્રમ છે.એમના પૈત્રુક ગામમાં મહિલા કાલેજ શરૂ કરવાનો વીસ બાવીસ વર્ષ પહેલાં નિર્ણય કરવામાં આવેલ હતો.એક દાતાએ ૨૦ એકર જમીન પણ દાનમાં આપી છે. કોલેજની ઈમારત બની નથી.ત્યાર પછી અનેક રાજ્ય સ્તરે મુખ્યમંત્રી અને કેન્દ્ર સ્તરે વડાપ્રધાન બદલાઈ ગયા. સરયૂમાં કેટલા પાણી વહી ગયા. પણ ઈમારત બાંધવાનો મામલો ઠેરનો ઠેર છે. જાતજાતના નારા, દાવા પ્રતિદાવા સૂત્રોનું વાવાઝોડા આવ્યા પણ કોલેજ બની નથી. વિધાર્થીનીઓને આપવામાં આવતી માર્કશીટના મથાળે કોલેજનું નામ છપાઈને આવે છે. હાલમાં એક રૂમના મકાનમાં હંગામી ધોરણે કોલેજ ચાલે છે. તમને થશે કે યે કયાં હો રહાં હૈ, યે કયાં હો રહા હૈ?? ભાઈ ભોપાલ કે પટણામાં એક રૂમમાં યુનુવર્સિટી ચાલે છે એટલા જ મકાનમાં કોલેજ ચાલે એ તો જગ્યાની મોકળાશ કહેવાય!! ટુકમાં વનબીએચકેમાં કોલેજો-યુનિવર્સિટી ચાલે છે. બાકીની યુનિવર્સિટીઓ- કોલેજોએ હજારો એકર જમીનમાં પથરાયેલ પથારો સંકેલી લઈને વનબીએચકેમાં શિફટ થઈ જવું જોઈએ. મૂળમાં તો ડિગ્રીઓ જ વેચાણ કરવાની છે ને!! એ તો એમેઝોન કે ફલિપકાર્ટ પર પણ ઓનલાઈન વેચી શકાય!!!

ભરત વૈષ્ણવ
૮.૨.૨૦૨૨.હાસ્ય

# મહારાષ્ટ્ર વિધાનસભાનું બજેટ સત્ર ૨૭ ફેબ્રુઆરીથી શરૂ થશે : ૯ માર્ચે બજેટ રજૂ કરાશે

મુંબઈ,તા.૮

૨૭ ફેબ્રુઆરીથી મહારાષ્ટ્ર વિધાનસભાનું બજેટ સત્ર શરૂ થશે. આ સત્ર ૨૫ માર્ચ સુધી ચાલશે. ૯ માર્ચે બજેટ રજૂ થશે. રાજ્યના નાયબ મુખ્યપ્રધાન અને નાણાં પ્રધાન દેવેન્દ્ર ફડણવીસ બજેટ રજૂ કરશે. સત્તામાં આવ્યા બાદ શિંદે-ફડણવીસ સરકારનું આ પહેલું બજેટ છે. તેથી આ નવા બજેટમાં ચોક્કસ શું જાહેરાત કરવામાં આવશે તેના પર સૌનું ધ્યાન રહેશે.૯ માર્ચે બપોરે ૨ વાગ્યે બજેટ સત્રમાં બજેટ રજૂ કરવામાં આવશે. તે પહેલાં ૮મી માર્ચે મહારાષ્ટ્રનો નાણાકીય નિરીક્ષણ અહેવાલ રજૂ થવા જઈ રહ્યો છે. હાલમાં રાજ્ય મંત્રીમંડળની રચનામાં કોઈ રાજ્યમંત્રી નથી. તેથી સત્ર પહેલા મંત્રીમંડળનું વિસ્તરણ નહીં થાય અને નાણાં રાજ્યમંત્રીની નિમણૂક કરવામાં આવશે નહીં તો વિધાન પરિષદમાં બજેટ કોણ રજૂ કરશે તેવો સવાલ ઊઠી રહ્યો છે.

રાજ્યના નાયબ મુખ્યપ્રધાન દેવેન્દ્ર ફડણવીસ અત્યાર સુધીમાં મુખ્યપ્રધાન, ગૃહ પ્રધાન, વિપક્ષના નેતા, નાયબ મુખ્યપ્રધાન જેવા અનેક પદો સંભાળી ચૂક્યા છે.

# સોના-ચાંદીના વાયદામાં પરસ્પર વિરુદ્ધ ચાલ: સોનું રૂ.૩૪ ઢીલુ, ચાંદી રૂ.૧૫૮ સુધરી

## ક્રૂડ તેલમાં તેજીની આગેકૂચ: મેન્થા તેલ, નેચરલ ગેસમાં વૃદ્ધિ: પ્રથમ સત્ર સુધીમાં કોમોડિટી વાયદાઓમાં રૂ.૭૩૧૫ કરોડ અને ઓપ્શન્સમાં રૂ.૧૩૧૩૯ કરોડનું ટર્નઓવર : બુલડેક્સ વાયદામાં રૂ.૨૨ કરોડનાં કામકાજ

મુંબઈ: દેશના અગ્રણી કોમોડિટી ડેરિવેટિવ્ઝ એક્સચેન્જ એમસીએક્સ પર વિવિધ કોમોડિટી વાયદા, ઓપ્શન્સ અને ઈન્ડેક્સ ફ્યુચર્સમાં બુધવારે પ્રથમ સત્ર સુધીમાં ૨,૬૨,૧૯૬ સોદાઓમાં કુલ રૂ.૨૦,૪૭૫.૮૦ કરોડનું ટર્નઓવર નોંધાયું હતું, જેમાં કોમોડિટી વાયદાનાં કામકાજનો હિસ્સો રૂ.૭૩૧૪.૯૫ કરોડનો અને ઓપ્શન્સનો હિસ્સો રૂ.૧૩૧૩૮.૭ કરોડનો હતો.

કીમતી ધાતુઓના વાયદાઓમાં સોના-ચાંદીમાં એમસીએક્સ પર ૬૧,૭૩૮ સોદાઓમાં કુલ રૂ.૪,૩૦૯.૧૦ કરોડનાં કામકાજ થયાં હતાં. સોનાના વાયદાઓમાં એમસીએક્સ સોનું એપ્રિલ વાયદો ૧૦ ગ્રામદીઠ સત્રની શરૂઆતમાં રૂ.૫૭,૨૨૦ના ભાવે ખૂલી, દિવસ દરમિયાન ઉપરમાં રૂ.૫૭,૩૮૪ અને નીચામાં રૂ.૫૭,૧૨૨ ના મથાળે અથડાઈ, પ્રથમ સત્ર સુધીમાં રૂ.૩૪ ઘટી રૂ.૫૭,૨૨૩ના ભાવે પહોંચ્યો હતો. આ સામે ગોલ્ડ-ગિની ફેબ્રુઆરી કોન્ટ્રેક્ટ ૮ ગ્રામદીઠ રૂ.૩૧ વધી રૂ.૪૫,૯૧૬ અને ગોલ્ડ-પેટલ ફેબ્રુઆરી કોન્ટ્રેક્ટ ૧ ગ્રામદીઠ રૂ.૪ વધી રૂ.૫,૬૨૬ના ભાવે પહોંચ્યો હતો. સોનું-મિની માર્ચ વાયદો ૧૦ ગ્રામદીઠ રૂ.૫૭,૧૮૮ના ભાવે ખૂલી, રૂ.૧૫ ઘટી રૂ.૫૭,૧૬૦ના સ્તરે પહોંચ્યો હતો.

ચાંદીના વાયદાઓમાં ચાંદી માર્ચ વાયદો ૧ કિલોદીઠ સત્રની શરૂઆતમાં રૂ.૬૭,૬૭૭ના ભાવે ખૂલી, દિવસ દરમિયાન ઉપરમાં રૂ.૬૭,૮૯૧ અને નીચામાં રૂ.૬૭,૪૦૨ ના મથાળે અથડાઈ, પ્રથમ સત્ર સુધીમાં રૂ.૧૫૮ વધી રૂ.૬૭,૬૮૭ ના સ્તરે બોલાઈ રહ્યો હતો. ચાંદી-મિની ફેબ્રુઆરી કોન્ટ્રેક્ટ રૂ.૧૩૭ વધી રૂ.૬૭,૮૪૭ અને ચાંદી-માઈક્રો ફેબ્રુઆરી કોન્ટ્રેક્ટ રૂ.૧૨૦ વધી રૂ.૬૭,૮૩૫ બોલાઈ રહ્યો હતો. બિનલોહ ધાતુઓના વાયદાઓમાં એમસીએક્સ ખાતે ૮,૨૦૯ સોદાઓમાં રૂ.૧,૩૭૯.૪૯ કરોડના વેપાર થયા હતા. એલ્યુમિનિયમ ફેબ્રુઆરી વાયદો ૧ કિલોદીઠ રૂ.૨ ઘટી રૂ.૨૧૯.૫૫ અને જસત ફેબ્રુઆરી વાયદો રૂ.૪.૩૦ ઘટી રૂ.૨૮૦ના ભાવ થયા હતા. આ સામે તાંબુ ફેબ્રુઆરી કોન્ટ્રેક્ટ રૂ.૧.૯૦ વધી રૂ.૭૭૭.૬૫ તેમ જસીસું ફેબ્રુઆરી કોન્ટ્રેક્ટ રૂ.૦.૫૫ ઘટી રૂ.૧૮૪ના ભાવ થયા હતા.

એનર્જી સેગમેન્ટના વાયદાઓમાં એમસીએક્સ પર ૩૩,૫૪૧ સોદાઓમાં કુલ રૂ.૧,૬૨૩.૧૧ કરોડનો ધંધો થયો હતો. ક્રૂડ તેલ ફેબ્રુઆરી વાયદો સત્રની શરૂઆતમાં રૂ.૬,૩૮૯ના ભાવે ખૂલી, દિવસ દરમિયાન ઉપરમાં રૂ.૬,૪૭૫ અને નીચામાં રૂ.૬,૩૮૨ ના મથાળે અથડાઈ, પ્રથમ સત્ર સુધીમાં ૧ બેરલદીઠ રૂ.૭૯ વધી રૂ.૬,૪૪૨ બોલાયો હતો, જ્યારે નેચરલ ગેસ ફેબ્રુઆરી વાયદો ૧ એમએમબીટીયૂદીઠ રૂ.૪.૬૦ વધી રૂ.૨૧૬.૬૦ બોલાઈ રહ્યો હતો.

કૃષિ કોમોડિટીઝના વાયદાઓમાં એમસીએક્સ ખાતે ૭૧ સોદાઓમાં રૂ.૩.૨૫ કરોડનાં કામકાજ થયા હતા. ૦ ફેબ્રુઆરી વાયદો ૦ રૂ.ના ભાવે ખૂલી, દિવસ દરમિયાન ઉપરમાં રૂ.અને નીચામાં રૂ.ના મથાળે અથડાઈ, પ્રથમ સત્ર સુધીમાં કોઈ ફેરફાર વગર રૂ.ના સ્તરે પહોંચ્યો હતો. ૦ કોન્ટ્રેક્ટ ૦ રૂ.ના ભાવે ખૂલી, કોઈ ફેરફાર વગર રૂ.બોલાઈ રહ્યો હતો. મેન્થા તેલના વાયદાઓમાં ફેબ્રુઆરી કોન્ટ્રેક્ટ ૧ કિલોદીઠ રૂ.૩.૫૦ વધી રૂ.૧૦૧૦.૮૦ થયો હતો.

કામકાજની દૃષ્ટિએ એમસીએક્સ પર કીમતી ધાતુઓમાં સોનાના વિવિધ વાયદાઓમાં રૂ.૨,૦૪૩.૩૫ કરોડનાં ૩,૫૬૮.૨૩૫ કિલો અને ચાદીના વિવિધ વાયદાઓમાં કુલ રૂ.૨,૨૬૫.૭૫ કરોડનાં ૩૩૩.૫૬૯ ટનના વેપાર થયા હતા. એનર્જી સેગમેન્ટમાં ક્રૂડ તેલના વાયદાઓમાં રૂ.૭૭૬.૮૦ કરોડનાં ૧૨,૦૮,૦૦૦ બેરલ અને નેચરલ ગેસના વાયદાઓમાં રૂ.૮૪૬ કરોડનાં ૩૮૮૫૩૭૫૦ એમએમબીટીયૂનો ધંધો થયો હતો. કૃષિ કોમોડિટીઝમાં મેન્થા તેલના વાયદાઓમાં રૂ.૩.૨૫ કરોડનાં ૩૨.૦૪ ટનના વેપાર થયા હતા.

ઓપન ઈન્ટરેસ્ટ પ્રથમ સત્રનાં અંતે એમસીએક્સ પર સોનાના વિવિધ વાયદાઓમાં ૨૨,૪૧૬.૩૬૬ કિલો અને ચાંદીના વિવિધ વાયદાઓમાં ૮૨૯.૪૩૦ ટન, ક્રૂડ તેલમાં ૭૭૫૧૦૦ બેરલ અને નેચરલ ગેસમાં ૫૧૮૨૬૨૫૦ એમએમબીટીયૂ તેમ જ મેન્થા તેલમાં ૪૩૫.૨૪ ટનના સ્તરે રહ્યો હતો.

ઈન્ડેક્સ ફ્યુચર્સની વાત કરીએ તો, એમસીએક્સ પર પ્રથમ સત્ર સુધીમાં બુલડેક્સ વાયદામાં રૂ.૨૨.૧૫ કરોડનાં ૨૮૩ લોટ્સ ના વેપાર થયા હતા. બુલડેક્સ ફેબ્રુઆરી વાયદો ૧૫,૬૩૧ના સ્તરે ખૂલી, ૨ પોઈન્ટ વધી ૧૫,૬૪૫ના સ્તરે હતો.

ઓપ્શન્સની વાત કરીએ તો, કોમોડિટી વાયદા પરના ઓપ્શન્સમાં એમસીએક્સ પર રૂ.૧૩,૧૩૮.૭૦ કરોડનું નોશનલ ટર્નઓવર નોંધાયું હતું. સોનું તથા સોનું-મિનીના કોલ અને પુટ ઓપ્શન્સમાં રૂ.૩૪૬.૦૬ કરોડ, ચાંદી તથા ચાંદી-મિનીના કોલ અને પુટ ઓપ્શન્સમાં રૂ.૧૭૬.૬૧ કરોડનાં કામ થયાં હતાં. એનર્જી સેગમેન્ટના ઓપ્શન્સમાં ક્રૂડ તેલના કોલ અને પુટ ઓપ્શન્સમાં રૂ.૧૧,૨૨૭.૨૬ કરોડ અને નેચરલ ગેસના કોલ અને પુટ ઓપ્શન્સમાં રૂ.૧,૩૮૮.૫૮ કરોડનાં કામકાજ થયાં હતાં. આ સામે ઓપ્શન્સમાં કુલ પ્રીમિયમ રૂ.૨૫૪.૫૦ કરોડનું થયું હતું.

સૌથી વધુ સક્રિય કોન્ટ્રેક્ટ્સમાં ક્રૂડ તેલ ફેબ્રુઆરી રૂ.૬,૫૦૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો કોલ ઓપ્શન્સ કોન્ટ્રેક્ટ ૧ બેરલદીઠ રૂ.૧૦૦ ખૂલી, ઊપરમાં રૂ.૧૪૬.૬૦ અને નીચામાં રૂ.૧૦૦ રહી, અંતે રૂ.૩૧ વધી રૂ.૧૩૦.૫૦ થયો હતો. જ્યારે નેચરલ ગેસ ફેબ્રુઆરી રૂ.૨૨૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો કોલ ઓપ્શન્સ કોન્ટ્રેક્ટ ૧ એમએમબીટીયૂદીઠ રૂ.૧૦.૧૫ ખૂલી, ઊપરમાં રૂ.૧૩.૪૫ અને નીચામાં રૂ.૮.૫૫ રહી, અંતે રૂ.૧.૩૫ વધી રૂ.૧૧.૫૦ થયો હતો. સોનું માર્ચ રૂ.૫૭,૦૦૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો કોલ ઓપ્શન્સ કોન્ટ્રેક્ટ ૧૦ ગ્રામદીઠ રૂ.૯૧૦ ખૂલી, ઊપરમાં રૂ.૯૬૮ અને નીચામાં રૂ.૮૫૫.૫૦ રહી, અંતે રૂ.૧૪.૫૦ વધી રૂ.૯૧૬ થયો હતો. ચાંદી ફેબ્રુઆરી રૂ.૭૦,૦૦૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો કોલ ઓપ્શન્સ કોન્ટ્રેક્ટ ૧ કિલોદીઠ રૂ.૫૦૯ ખૂલી, ઊપરમાં રૂ.૫૭૦ અને નીચામાં રૂ.૪૮૧.૫૦ રહી, અંતે રૂ.૨૭.૫૦ ઘટી રૂ.૫૩૫ થયો હતો. સોનું-મિની ફેબ્રુઆરી રૂ.૫૮,૦૦૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો કોલ ઓપ્શન્સ કોન્ટ્રેક્ટ ૧૦ ગ્રામદીઠ રૂ.૨૭૪ ખૂલી, ઊપરમાં રૂ.૩૦૩ અને નીચામાં રૂ.૨૫૦ રહી, અંતે રૂ.૧૨.૫૦ ઘટી રૂ.૨૬૩.૫૦ થયો હતો.

આ સામે પુટ ઓપ્શન્સની વાત કરીએ તો ક્રૂડ તેલ ફેબ્રુઆરી રૂ.૬,૪૦૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો પુટ ઓપ્શન્સ કોન્ટ્રેક્ટ ૧ બેરલદીઠ રૂ.૧૬૧ ખૂલી, ઊપરમાં રૂ.૧૭૦ અને નીચામાં રૂ.૧૨૬ રહી, અંતે રૂ.૩૭.૪૦ ઘટી રૂ.૧૪૦.૫૦ થયો હતો. જ્યારે નેચરલ ગેસ ફેબ્રુઆરી રૂ.૨૧૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો પુટ ઓપ્શન્સ કોન્ટ્રેક્ટ ૧ એમએમબીટીયૂદીઠ રૂ.૧૧.૦૫ ખૂલી, ઊપરમાં રૂ.૧૨.૩૫ અને નીચામાં રૂ.૮.૩૦ રહી, અંતે રૂ.૨.૮૦ ઘટી રૂ.૯.૬૫ થયો હતો. સોનું માર્ચ રૂ.૫૬,૦૦૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો પુટ ઓપ્શન્સ કોન્ટ્રેક્ટ ૧૦ ગ્રામદીઠ રૂ.૨૯૫.૫૦ ખૂલી, ઊપરમાં રૂ.૩૧૪ અને નીચામાં રૂ.૨૬૨ રહી, અંતે રૂ.૬ વધી રૂ.૨૯૯ થયો હતો. ચાંદી ફેબ્રુઆરી રૂ.૬૫,૦૦૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો પુટ ઓપ્શન્સ કોન્ટ્રેક્ટ ૧ કિલોદીઠ રૂ.૪૦૧ ખૂલી, ઊપરમાં રૂ.૫૦૧ અને નીચામાં રૂ.૩૫૦ રહી, અંતે રૂ.૫૪ ઘટી રૂ.૩૯૭.૫૦ થયો હતો. સોનું-મિની ફેબ્રુઆરી રૂ.૫૫,૦૦૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો પુટ ઓપ્શન્સ કોન્ટ્રેક્ટ ૧૦ ગ્રામદીઠ રૂ.૩૮ ખૂલી, ઊપરમાં રૂ.૪૮ અને નીચામાં રૂ.૩૧ રહી, અંતે રૂ.૩ વધી રૂ.૪૪ થયો હતો.

# ૨૦૨૪ની લોકસભા ચૂંટણી પહેલા ભાજપ યુપીમાં સંગઠનમાં ફેરબદલ કરશે, ફોકસ પછાત પર રહેશે

## કોઈપણ પક્ષ જેની વિચારધારા ભાજપ સાથે મેળ ખાતી હોય તે અમારી સાથે જોડાઈ શકે છે - ભૂપેન્દ્ર સિંહ

લખનૌ,તા.૮

યુપીમાં ભાજપે લોકસભા ચૂંટણીમાં ૮૦માંથી તમામ ૮૦ બેઠકો જીતવાનું લક્ષ્ય રાખ્યું છે. પાર્ટીએ પણ તૈયારીઓ શરૂ કરી દીધી છે. બીજી તરફ તાજેતરમાં યોજાયેલી એમએલસી ચૂંટણીમાં જીત બાદ ભાજપના કાર્યકરોમાં ભારે ઉત્સાહ જોવા મળી રહ્યો છે. જો ભાજપના યુપી પ્રદેશ અધ્યક્ષ ચૌધરી ભૂપેન્દ્ર સિંહનું માનીએ તો, ૨૦૨૪ની લોકસભા ચૂંટણીને ધ્યાનમાં રાખીને, પાર્ટી ટૂંક સમયમાં સંગઠનમાં ખાલી પડેલી જગ્યાઓ ભરવા માટે આંશિક સંગઠનાત્મક પુનર્ગઠનમાંથી પસાર થશે.યુપી બીજેપીના પ્રદેશ અધ્યક્ષ ભૂપેન્દ્ર સિંહ ચૌધરીએ કહ્યું કે પાર્ટી પૂર્વ સહયોગી સુહેલદેવ ભારતીય સમાજ પાર્ટી તેમજ અન્ય કોઈપણ પાર્ટી સાથે હાથ મિલાવી શકે છે જેની વિચારધારા ભાજપ જેવી હોય. તેમણે કહ્યું કે ઓમપ્રકાશ રાજભર પૂર્વી ઉત્તર પ્રદેશના જિલ્લાઓમાં પ્રભાવ ધરાવતા મજબૂત પછાત નેતા છે.




સુભાસ્પાએ ભાજપ સાથે ૨૦૧૭ની વિધાનસભા ચૂંટણી લડી હતી પરંતુ બાદમાં તેઓ સમાજવાદી પાર્ટીના નેતૃત્વ હેઠળના ગઠબંધનમાં જોડાયા હતા. ૨૦૨૨ની વિધાનસભા ચૂંટણી સમાજવાદી પાર્ટી સાથે લડવામાં આવી હતી અને છ બેઠકો જીતી હતી, પરંતુ બાદમાં સુભાસ્પા સપાથી પણ અલગ થઈ ગયા હતા.

ભૂપેન્દ્ર સિંહે કહ્યું, 'મારી પાર્ટીએ તાજેતરમાં મને પ્રદેશ અધ્યક્ષ તરીકે સેવા આપવાની તક આપી. સંગઠનના કેટલાક સભ્યો સરકારમાં મંત્રી બન્યા છે, તેથી મેં નેતૃત્વને આંશિક પુનર્ગઠન માટે વિનંતી કરી છે. મને પરવાનગી મળી ગઈ છે. ચૌધરી, જે જાટ સમુદાયના છે અને ગયા વર્ષે ઓગસ્ટમાં રાજ્ય એકમના વડા બનાવવામાં આવ્યા હતા, તેમણે કહ્યું કે સંગઠનમાં કોઈ મોટા ફેરફારો થશે નહીં, માત્ર આંશિક સંગઠનાત્મક પુનર્ગઠન થશે. તેમણે કહ્યું કે રાજ્યના કેટલાક પ્રધાનો - શહેરી વિકાસ પ્રધાન અરવિંદ કુમાર શર્મા, પરિવહન પ્રધાન (સ્વતંત્ર હવાલો) દયાશંકર સિંહ અને સહકારી ધિરાણ પ્રધાન (સ્વતંત્ર હવાલો) જેપી રાઠોડ પણ હાલમાં પક્ષના હોદ્દા ધરાવે છે. મંત્રી બાબીરાની મૌર્ય ભાજપની રાષ્ટ્રીય કાર્યકારિણીના પદાધિકારી છે.

પ્રદેશ અધ્યક્ષે કહ્યું કે ગયા મહિને ભાજપની રાજ્ય કારોબારી સમિતિની બેઠકમાં ભાજપે ઉત્તર પ્રદેશની તમામ ૮૦ લોકસભા બેઠકો જીતવાનું લક્ષ?ય નક્કી કર્યું હતું. સુભાસ્પા સાથે બીજેપીએ ફરી હાથ મિલાવ્યા પર ભૂપેન્દ્ર સિંહે કહ્યું, અમારું સ્ટેન્ડ સ્પષ્ટ છે, અમે દરેકનું સ્વાગત કરીએ છીએ. જે અમારી વિચારધારા સાથે સહમત છે અને અમારી સાથે કામ કરવા માંગે છે, અમે તેને સાથે લઈ જઈશું. તેમણે કહ્યું કે રાજભરજી અમારી સાથે છે અને જો તેઓ અમારી વિચારધારા સાથે સહમત છે તો પાર્ટી તેમને ચોક્કસપણે અમારી સાથે કામ કરવાની તક આપશે.

NEWS OF GANDHINAGAR_P-2

ન્યૂઝ ઓફ ગાંધીનગર.

# ન્યૂઝ ઓફ ગાંધીનગર દૈનિક
# સાહિત્ય સરિતા-આયોજક : પ્રદીપ રાવલ




NOG SS 0032
વિષય: અનુભૂતિનો ઉજાસ
પ્રકાર: પદ્ય
શબ્દો: ૪૫
શીર્ષક: ભીતર

કહીશ ના ક્યારેય હવે,
કે ઉંમર થઈ ગઈ.
હવે તો જિંદગીની,
શરુઆત થઈ.
નથી પૂર્ણવિરામ,
છે અલ્પવિરામ.
પ્રેમ વાસ્તવિક છે
વધે છે, ઘટતો નથી.
પ્રેમનાં વાદળ વરસે,
સ્પંદનો સળવળે.
સ્પર્શ હંમેશા સ્નેહનો,
સ્પર્શ હંમેશા સંગાથનો
પ્રત્યક્ષ નહી પણ,
પરોક્ષ સ્પર્શી જો.
હંમેશ ભીતર
અનુભૂતિ થશે.

મીના માંગરોલીયા મીનુ
અમદાવાદ
૭/૨/૨૦૨૩

---

NOG SS.No-106
વિષય- અનુભૂતિ નો ઉજાસ
પ્રકાર-ગદ્ય(માઈક્રો ફિક્શન-વાર્તા)
શબ્દ-૧૦૯
શીર્ષક-"થડકારો"

રંજિતા ખૂબ સદ્ભાવનાથી જોતી હતી,પોતાના પતિ રમેશની આસીસ્ટન્ટ મિનૌતિને..!! દિકરીની ઉંમરની જ.. હતી મિનૌતિ..! અચાનક રંજિતાને સવારથી સાંજ બહારગામ જવાનું થયું. પતિએ કહ્યું "આજે મિનૌતિના પપ્પાનો જન્મ દિવસ છે.તો હું એમના ઘેરે જાઉં છું".

રંજિતાને આ સાંભળી,ખબર નહિ કેમ?મનમાં,એક થડકારો બેસી ગયો.

જેવું બહારગામનું કામ પૂરું થતાં તેણી સીધી જ મિનૌતિના ઘેરે પહોંચી!

અને.. જોયું ત્યાં તો માત્ર મિનૌતિ અને પોતાનો પતિ જ હતાં!!

રંજિતાની આંખ ઊઘડી ગઈ! "દિકરી છું"કહીને ..

કેવા વહાલના .. ઊકળા ઊકળી રહ્યા હતા,એ અડસઠવરસના અંકલ અને ચાલીસ વર્ષની કહેવાતી દિકરી વચ્ચે!!

મુક્તિદા ઓઝા.(મનચલી)મુંબઈ

---

NOG.SS.NO.0095
વિષયઃ-અનુભૂતિનો ઉજાસ
પ્રકારઃ- ગદ્ય
શબ્દઃ-૩૪૭
શીર્ષકઃ-આત્માનું કૃષ્ણ સાથેનું મિલન
રચનાઃ-
આત્માનું કૃષ્ણ સાથેનું મિલન

લાગે છે કે જાણે મૌનના વૃક્ષની નીચે પ્રેમ નીતરતી આંખોમાં લાગણીનું સરોવર હિલોળા લેતું હોય ત્યાં હે કૃષ્ણ ! તું અદીઠ પણે અચૂક હાજર હોય છે.

જીવનની દરેક ક્ષણે સુખ- દુઃખ, સ્મરણ - વિરહ ,ક્રોધ - મજબૂરી , આ તમામ ક્ષણોમાં સતત તારા સ્મરણની સુગંધ માણું છું. જાણે કોઈ પુષ્પ દાંડીમાં રહેલી કુમાશ ! આમ જ મારા જીવનમાં તારું વણાઈ જવું એ બાળપણથી કરેલી મારી કૃષ્ણ ભક્તિની જ અનુભૂતિ છે. વારંવાર તારી હયાતી ની અનુભૂતિ થતી રહી છે. એનો સાક્ષાતકાર કરેલો છે. એ અનુભૂતિનો ઉજાસ મારા જીવનમાં સદાય ફેલાતો રહ્યો છે. એ હયાતી નો અનુભવ એટલે કે જાણે શબરી અને અહલ્યાની રામ પ્રત્યેની ભક્તિ ની ચરમસીમા કે પછી હનુમાનજીની હૃદય ચીરીને આપેલી ખાતરી, તો સીતાજી નો રામ પ્રત્યે નો પ્રેમ અને વિશ્વાસ, એટલે જાણે આત્માનું આત્મા સાથેનું મિલન.

તો પછી પ્રેમનો સમાનાર્થી એટલે કૃષ્ણ ! એવું વ્યક્તિત્વ કે દરેકના ઉત્કૃષ્ટ પ્રેમનો એમણે સહર્ષ સ્વીકાર કર્યો જ છે. પછી એ પ્રેમ રાધાનો હોય કે રુકમણીનો , સત્યભામાનો હોય કે જાંબુવતીનો કે દ્રૌપદીનો હોય! દરેક સાથે સ્વીકારની ભાવના રાખીને જ પ્રેમની કસોટી એ પોતાની જાતને ચડાવીને માનવને પ્રેમરૂપી અમૂલ્ય ખજાનો આપ્યો.


આમ જ કૃષ્ણમય જીવન એક જ વાત સમજાવે છે કે પ્રેમ સિવાય કશું સાશ્વત નથી. જીવનમાં જો પ્રેમની અનુભૂતિના ઉજાસની એક સાચી ક્ષણ પણ જો મળી જાય તો જીવન સાર્થક બની જાય છે. પ્રેમ એ તો વિશ્વાસ છે. એ જ વિશ્વાસની અનુભૂતિ મેં કૃષ્ણ પ્રીતમાં કરી છે. જેમ મીરાબાઈએ કૃષ્ણની પ્રીતમાં ઝેરનો પ્યાલો પીધો , નરસિંહ મહેતાએ કૃષ્ણ પ્રીતમાં પત્ની, પુત્રને ગુમાવીને હૂંડી લખી આપી એ પણ કૃષ્ણ પ્રેમની અનુભૂતિનો ઉજાસ જ હતો. એમ જ મારી જીવનરૂપી નૈયા ને વારંવાર ડગમગતી, ડોલતી, ડૂબતી બચાવીને કૃષ્ણ હયાતીનો સાક્ષાત કરાવીને મારા પરિવારને અગ્નિ પરીક્ષામાંથી પાર ઉતાર્યો છે.

જેમ તારા મૈત્રક રચાતા જે તણખા ઝરે છે, એની અગન જેણે માણી હોય તે જ જાણે. એમ જ કૃષ્ણ પ્રેમની અનુભૂતિનો ઉજાસ જીવનમાં જે અનુભવે એ જ જાણે.

જેમ વનસ્પતિમાં પુષ્પનું, વાદળની ભીનાશમાં મેઘધનુષનું ,વસંતમાં કોયલનાં ટહુકાનું એ સ્થાન મારા જીવનમાં કૃષ્ણનાં અસ્તિત્વનું છે. કૃષ્ણપ્રેમની અનુભૂતિ એ જ મારા જીવનનો ઉજાસ.

લેખક/ લેખિકાઃ-દીપિકા ચાવડા તાપસી

---




NOG:SS:NO.:0101

મોડર્ન ભટ્ટ( વિજયભાઈ ભટ્ટ)

ને શ્રદ્ધાંજલિ

શું બોલું?

ગુજરાતી મેળોનો વડલો અને અનેક ગ્રૂપના લાડલા, માર્ગદર્શક, સાહિત્ય પ્રેમી, સાહિત્ય સ્વજન એવાં મોર્ડનભાઈ આમ અચાનક મોટાં ઘરે ચાલ્યા જશે એવી કલ્પના ન હતી. અણધાર્યું બન્યું. પંદરેક દિવસ પહેલાં જ તેમનો ફોન હતો કે સમયની અનુકૂળતાએ હું આપને ઘેર આવીશ, પણ ભગવાને એમને એમનાં ઘરે બોલાવી લીધાં.

તેઓ કોઈ એક ગ્રુપ કે પરિવારના નથી રહ્યાં. સમગ્ર સાહિત્ય જગતને એમનાં વગર વસમું લાગી રહ્યું છે.

એમનો અવાજ હજુ પણ કાનોમાં ગુંજારવ કરે છે.

સાલસ અને મૃદુ સ્વભાવના વિજયભાઈની ખોટ તો નહીં પુરાઈ. હવે રહેશે ફક્ત સંસ્મરણો.પરિવારના સૌ સભ્યો અને સંચાલકો વતી શ્રદ્ધાંજલિ અર્પણ કરીએ છીએ.

પરમકૃપાળુ પરમાત્મા એમના દિવ્ય આત્માને પરમ શાંતિ અર્પે તેવી પ્રાર્થના.

ભરત સાંગાણી

# હોસ્પિટલ એન્ડ પેશન્ટ કેર ઈમ્પ્રુવમેન્ટ મિશનનો ગાંધીનગર સિવિલ હોસ્પિટલ ખાતેથી પ્રારંભ

ગાંધીનગરઃ બુધવાર :

રાજ્યની તમામ સરકારી હોસ્પિટલોમાં મળતી સ્વાસ્થ્ય સુવિધાઓને દર્દીલક્ષી બનાવવાના લક્ષ સાથે હોસ્પિટલ એન્ડ પેશન્ટ કેર ઈમ્પ્રુવમેન્ટ મિશન હાથ ધરવામાં આવ્યું છે, જેના ભાગરૂપે કેનેડા બેંકના સહયોગથી દર્દીઓની સુવિધા માટે ગોલ્ફ કાર્ટની સવલતનું લોકાર્પણ કરવામાં આવ્યું હતું.

હોસ્પિટલ એન્ડ પેશન્ટ કેર ઈમ્પ્રુવમેન્ટ મિશન અંતર્ગત રાજ્યની આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગ હસ્તકની તમામ જી.એમ.ઈ આર.એસ મેડિકલ કોલેજ સંલગ્ન સિવિલ હોસ્પિટલો, જિલ્લા હોસ્પિટલો અને પેટા જિલ્લા હોસ્પિટલો ખાતે દર્દીઓ અને દર્દીઓના સગાઓને જરૂરી સ્વાસ્થ્ય સેવાઓ લેવામાં કોઈ મુશ્કેલી ન પડે અને જરૂરી માર્ગદર્શન મળી રહે તે હેતુથી સેવા એ જ સાધના ના મંત્ર સાથે હેલ્પ ડેસ્ક - સેવા કેન્દ્ર શરૂ કરવામાં આવશે.

આ સેવા કેન્દ્ર જે-તે આરોગ્ય સંસ્થાના જ્યાં દર્દીઓની અને તેમના સગાઓની સૌથી વધારે ભીડ અને ધસારો રહેતો હોય તેવા ઈમરજન્સી વિભાગ અને ઓપીડી વિભાગ ખાતે કાર્યરત કરવામાં આવશે. જ્યાંથી દર્દીને આરોગ્ય સંસ્થામાં જે સ્વાસ્થ્ય સેવાની જરૂર છે તે સેવા લેવામાં સરળતા અને માર્ગદર્શન મળી રહેશે. આરોગ્ય સેવાઓ અને સારવાર મેળવવામાં દર્દીઓ અને તેમના સગા-સબંધીઓને કોઈ મુશ્કેલી ન પડે અને હોસ્પિટલ તંત્રના સિક્યુરિટી ગાર્ડ અને વર્ગ-૪ ના કર્મચારી થી લઈ તજજ્ઞ તબીબો તરફથી સહાનુભૂતિ ભર્યું વલણ અને વ્યવહાર દાખવવામાં આવે અને કોર્પોરેટ કક્ષાની હોસ્પિટલમાં મળતી સેવાઓનો અનુભવ થાય તે પ્રકારની વ્યવસ્થાઓ કરવામાં આવી રહી છે.હોસ્પિટલ એન્ડ પેશન્ટ કેર ઈમ્પ્રુવમેન્ટ મિશન અંતર્ગત ૯૩ હોસ્પિટલોમાં ફરજ બજાવતા તમામ સંવર્ગના કર્મચારીઓ અધિકારીઓને દર્દી અને તેમના સ્વજનો સાથેના વ્યવહારમાં સુધારો લાવવા માટે તાલીમબદ્ધ કરવામાં આવ્યા છે. આ મિશનને સફળ બનાવવા દરેક હોસ્પિટલ અને આરોગ્ય સંસ્થાઓ માટે લાઈઝન ઓફિસર અને નોડલ ઓફિસરની નિમણૂક પણ કરવામાં આવી છે.

અત્રે ઉલ્લેખનીય છે કે વિવિધ ઉદ્યોગ ગૃહો અને અન્ય સંસ્થાઓ તરફથી પ્રાપ્ત થતા સી.એસ.આર. ફંડ અને સ્વૈચ્છિક સેવા સંસ્થાઓના સહયોગથી હોસ્પિટલ એન્ડ પેશન્ટ કેર ઈમ્પ્રુવમેન્ટ મિશન હાથ ધરવામાં આવેલ છે. આ મિશન અંતર્ગત કેનેરા બેંકની ગાંધીનગર શાખા દ્વારા સિવિલ હોસ્પિટલ જીએમઈઆરએસ મેડિકલ કોલેજ સંલગ્ન જનરલ હોસ્પિટલ- ગાંધીનગરને ગોલ્ફકોર્ટનું દાન પ્રાપ્ત થયેલ છે.હોસ્પિટલમાં આવતા અશક્ત, વૃદ્ધ અને ગંભીર દર્દીઓને ચાલવામાં મુશ્કેલીઓ પડે છે તેવા દર્દીઓને આરોગ્ય સેવા-સારવાર મેળવવા આઈ.સી.યુ; ઓ.પી.ડી. અને ઈમરજન્સી સેન્ટર જેવા સ્થળોએ જવા-આવવામાં વ્હીલચેર, સ્ટ્રેચરનો ઉપયોગ કરવો પડતો હતો તેના બદલે હવે આ ગોલ્ફ કાર્ટ આશીર્વાદરૂપ બની રહેશે.

આ પ્રસંગે નેશનલ હેલ્થ મિશનના મિશન ડાયરેક્ટર શ્રી રમ્યા મોહન, કેનેરા બેંકના એજ્યુકેટીવ ડાયરેક્ટર શ્રી અશોક ચંદ્ર, કેનેરા બેંકના ગુજરાતના હેડ શ્રી શંભુલાલ,ગાંધીનગર સિવિલ હોસ્પિટલના સિવિલ સર્જન શ્રી નિયતિ લાખાણી, જી.એમ.ઈ.આર.એસ મેડિકલ કોલેજના ડીન' સિવિલ હોસ્પિટલ ગાંધીનગરના તથા કેનેરા બેંકના અધિકારી/કર્મચારીઓ ઉપસ્થિત રહ્યા હતા

( પરિમલ પટેલ )

# અમદાવાદનું નામ કર્ણાવતી કરવાની માગ ફરી ઉઠી, એબીવીપી દ્વારા અભિયાન ચલાવવામાં આવશે

અમદાવાદ,તા.૮

ગુજરાતના સૌથી મોટા શહેર અમદાવાદનું નામ બદલીને કર્ણાવતી કરવાની માગ ફરી ઉઠી છે. અખિલ ભારતીય વિદ્યાર્થી પરિષદ (એબીવીપીં) દ્વારા અમદાવાદનું નામ બદલીને કર્ણાવતી કરવાની માગ ઉઠાવવામાં આવી છે. તાજેતરમાં અમદાવાદમાં અખિલ ભારતીય વિદ્યાર્થી પરિષદની બેઠકમાં આ અંગે નિર્ણય લેવામાં આવ્યો હતો. આ પછી એબીવીપી હવે આ પ્રસ્તાવ અમદાવાદના મેયર અને કલેક્ટરને સોંપશે તેવો નિર્ણય લેવાયો હતો.

તાજેતરમાં જ અમદાવાદમાં આરએસએસની વિદ્યાર્થી પાંખ અખિલ ભારતીય વિદ્યાર્થી પરિષદની બેઠક મળી હતી. જેમાં જિલ્લા કક્ષાએ યોજાયેલા વિદ્યાર્થી ગૌરવ કાર્યક્રમમાં વિવિધ વિષયો પર ચર્ચા કરવામાં આવી હતી. જેમાં મુખ્ય મુદ્દો અમદાવાદના નામકરણનો રહ્યો હતો. નવ ભારત ટાઈમ્સના રિપોર્ટ અનુસાર આ બેઠકમાં અમદાવાદનું નામ બદલીને કર્ણાવતી કરવાનો પ્રસ્તાવ ૫૦૦ વિદ્યાર્થીઓ વચ્ચે મુકાયો હતો. જે સર્વાનુમતે પસાર કરવામાં આવ્યો હતો. રિપોર્ટ અનુસાર એબીવીપી હવે આ પ્રસ્તાવ અમદાવાદના મેયર અને કલેક્ટરને સોંપશે તેવો બેઠકમાં નિર્ણય લેવાયો હતો. એબીવીપીના રાજ્ય મંત્રી યુતિ ગજરેએ જણાવ્યું હતું કે, પાંચસો વિદ્યાર્થીઓમાંથી અમદાવાદનું નામ કર્ણાવતી રાખવાની દરખાસ્ત કરવામાં આવી છે. હવે તે દરખાસ્ત સંદર્ભે, અમે સંબંધિત અધિકારીઓને મળીશું અને નામ બદલવાની માગ કરીશું. ગજરેએ જણાવ્યું હતું કે, રાષ્ટ્રીય એકતા યાત્રા અમદાવાદ અને સુરત આવશે જેમાં મોટી સંખ્યામાં વિદ્યાર્થીઓ ભાગ લેશે. આ મુદ્દા પર પણ આમાં ચર્ચા કરવામાં આવશે. આ સિવાય છમ્ફૅ લોકોને જાગૃત કરશે અને કર્ણાવતી નામકરણ માટે સમર્થન માંગશે.

મહત્વનું છે કે આ પહેલા પણ અનેક વાર અમદાવાદનું નામ કર્ણાવતી રાખવાની માગ ઉઠતી રહી છે. ૨૦૧૮માં જ્યારે વિજય રૂપાણી રાજ્યના મુખ્યમંત્રી હતા ત્યારે આ માગ ઉઠી હતી. ત્યારે તત્કાલીન નાયબ મુખ્યમંત્રી નીતિન પટેલે કહ્યું હતું કે સરકાર શહેરનું નામ બદલવાની વિચારણા કરી રહી છે. અમદાવાદ દેશનું એકમાત્ર શહેર છે જે વર્લ્ડ હેરિટેજ સિટીની યાદીમાં સામેલ છે.અમદાવાદનું નામ બદલવાની માગણી કરનારાઓ દલીલ કરે છે કે ૧૪૧૧માં જ્યારે મુસ્લિમ શાસક અહેમદ શાહે અહીં કબજો કર્યો ત્યારે તેણે તેનું નામ અમદાવાદ રાખ્યું. અમદાવાદનું સાચું નામ કર્ણાવતી છે. તેની પાછળનો તર્ક એ છે કે ૧૧મી સદીમાં ગુજરાતના સોલંકી રાજા કર્ણદેવે આશાવલ ભીલ નામના રાજાને હરાવીને વર્તમાન પ્રદેશ પર વિજય મેળવ્યો અને તેના નામ પરથી આ સ્થળનું નામ કર્ણાવતી રાખ્યું. તેથી તેનું નામ કર્ણાવતી હોવું જોઈએ.

# પેપર લીક કેસમાં નવો વળાંક, એચ એન શુક્લ કોલેજના સંચાલકે, સૌરાષ્ટ્ર યુનિવર્સિટીના કુલપતિ અને રજીસ્ટ્રાર સામે કર્યો બદનક્ષીનો દાવો

રાજકોટ,તા.૮

રાજકોટ-સૌરાષ્ટ્ર યુનિવર્સિટીના પેપર લીક કેસમાં એચ એન શુક્લ કોલેજના સંચાલક નેહલ શુક્લએ યુનિવર્સિટીના કુલપતિ અને રજીસ્ટ્રારને નોટિસ ફટકારી છે. નેહલ શુક્લએ સૌરાષ્ટ્ર યુનિવર્સિટીના કુલપતિ અને રજીસ્ટ્રાર સામે બદનક્ષીનો દાવો કર્યો છે. કુલપતિ સમક્ષ ૬ કરોડ અને કુલસચિવ સમક્ષ ૫ કરોડનો બદનક્ષીનો દાવો કરવામાં આવ્યો છે. જાહેર માધ્યમોમાં માફી માગવાનો પણ નોટિસમાં ઉલ્લેખ કરવામાં આવ્યો છે.

સૌરાષ્ટ્ર યુનિવર્સિટીના બીબીએ અને બી કોમ પેપર લીક કેસમાં પોલીસે તપાસનો ધમધમાટ શરૂ કર્યો છે. એક તરફ ગાંધીગ્રામ પોલીસે યુનિવર્સિટીના પરીક્ષા વિભાગ સાથે સંકળાયેલા લોકોના નિવેદનો લેવાની શરૂઆત કરી છે. બીજી તરફ યુનિવર્સિટીના કુલપતિએ આક્ષેપ કર્યો હતો કે બી.કોમ અને બીબીએનું પેપર એચ.એન.શુક્લ કૉલેજમાંથી ફૂટ્યું હતું. જેને લઈ યુનિવર્સિટીએ એચ.એન.શુક્લ કૉલેજના કર્મચારી જીગર ભટ્ટ સામે ફરિયાદ પણ નોંધાવી હતી. બીજી તરફ એચ.એન.શુક્લ કૉલેજના સંચાલક અને કોર્પોરેટર નેહલ શુક્લએ કૉલેજ પરના તમામ આરોપો ફગાવી દીધા હતા. ત્યારે હવે સમગ્ર કેસમાં ખોટા આક્ષેપ કરવાના મામલામાં એચ.એન.શુક્લ કૉલેજના સંચાલક નેહલ શુક્લએ સૌરાષ્ટ્ર યુનિવર્સિટીના કુલપતિ અને રજીસ્ટ્રાર સામે બાંયો ચઢાવી છે અને તેમની સામે બદનક્ષીનો દાવો કર્યો છે. કુલપતિ સમક્ષ ૬ કરોડ અને કુલસચિવ સમક્ષ ૫ કરોડનો બદનક્ષીનો દાવો કરવામાં આવ્યો છે. જાહેર માધ્યમોમાં માફી માગવાનો પણ નોટિસમાં ઉલ્લેખ કરવામાં આવ્યો છે.

૧૨ ઓક્ટોબરના રોજ સૌરાષ્ટ્ર યુનિવર્સિટીનું બીબીએ અને બી.કોમનું પેપર ફૂટ્યું હતું. બંને પરીક્ષાના પેપર સોશિયલ મીડિયામાં વાયરલ થયા હતા. યુનિવર્સિટીના રજીસ્ટ્રારે ગાંધીગ્રામ પોલીસ સ્ટેશનમાં જીગર ભટ્ટ નામના શખ્સ સામે ફરિયાદ નોંધાવી હતી. જીગર ભટ્ટ એચ.એન.શુક્લ કૉલેજનો કર્મચારી છે. આ જ કૉલેજમાંથી પેપર ફૂટ્યું હોવાનો દાવો કરવામાં આવ્યો હતો. આ કૉલેજ ભાજપના કોર્પોરેટર અને આગેવાન નેહલ શુક્લની છે. જેના પર આરોપ લગાવાયો હતો કે જીગર ભટ્ટ કોર્પોરેટર નેહલનો અંગત મદદનીશ પણ છે. જોકે નેહલ શુક્લએ પોતાની કૉલેજમાંથી પેપર ન ફૂટ્યું હોવાનો દાવો કર્યો હતો અને તેમણે કહ્યું હતુ કે રાજકીય કિન્નાખોરી રાખીને આ આક્ષેપ લગાડવામાં આવ્યા છે.

## ગાંધીનગર જિલ્લાના બે શ્રમિકોને શ્રમપુરસ્કાર એનાયત કરાયા

# પોતાની આત્મસૂઝથી બંધ પડેલા કંપનીના મશીનોને પુનઃ શરૂ કરીને કંપનીને નુકસાનીમાંથી ઉગારનાર શ્રમિક શૈલેશભાઈનું શ્રમરત્ન પુરસ્કારથી સન્માન કરાયું

દેશના કર્મઠ શ્રમિકોની મહેનત અને કોઠાસૂઝે દેશના વિકાસમાં ચાર ચાંદ લગાવી દીધા છે. ખેતરથી માંડીને મોટી મોટી ઔદ્યોગિક કંપનીઓમાં શ્રમિકોએ પોતાના બાવડાંના બળે પોતાના પરિવારે સેવેલા સપનાઓને પાર પાડયા છે. આ શ્રમિકોએ કંપનીના ઉત્પાદનની સાથે સાથે સહ કર્મચારીઓ અને કંપનીના હિતો માટે પણ વિચાર્યું છે. ગુજરાત સરકારના શ્રમ, કૌશલ્ય અને રોજગાર વિભાગ દ્વારા આવા શ્રમિકોના લોકહિતાર્થ કાર્યો માટે શ્રમરત્ન પુરસ્કાર અપાય છે. તત્કાલીન મુખ્યમંત્રીશ્રી અને હાલના દૂરંદેશી વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીએ શરૂ કરેલા આ પુરસ્કાર, ઉદ્યોગોમાં સંકટ સમયે પોતાની આત્મસૂઝ, ઉત્પાદન વધારવા તથા ઔદ્યોગિક શાંતિ જાળવવામાં યોગદાન આપનારા શ્રમિકોને અપાય છે.ગાંધીનગર જિલ્લાના આવા જ મહેનતુ અને હોંશિયાર શ્રમિકોએ પોતાની સમજદારીથી કંપનીની ટેકનિકલ સમસ્યાઓનું સમાધાન કરીને ઠપ થઈ ગયેલી ઉત્પાદન પ્રક્રિયાને ફરીવાર શરૂ કરાવી, ઉપરાંત કંપનીના લાખો રૂપિયાનું નુકસાન થતું અટકાવ્યું છે. તાજેતરમાં જ વિશ્વકર્મા જયંતીએ શ્રમ અને રોજગાર મંત્રી શ્રી બલવંતસિંહ રાજપૂતે આ બંને શ્રમિકોનું સન્માન કર્યું હતું. ગાંધીનગરના કલોલ ખાતે આવેલી દેશની ખ્યાતનામ ખાતર ઉત્પાદક કંપની ઈફકોમાં કામ કરતાં શ્રમિક પટેલ શૈલેષકુમાર સોમાભાઈને તેમની શ્રેષ્ઠ કાર્યદક્ષતા માટે શ્રમ રત્ન પુરસ્કાર એનાયત કરવામાં આવ્યોછે. શૈલેશભાઈ અમદાવાદથી કલોલ ઈફકો ખાતે યુરિયા નેનો પ્લાન્ટમાં સિનિયર ટેક્નિશિયન તરીકે નોકરી માટે આવે છે. ઈફકો કંપની પહેલા વધુ માત્રામાં આવી શકે એવા ખાતરના પેકેટ બનાવતી હતી. યુરિયા નેનો પ્લાન્ટ આવ્યા પછી ૫૦૦ ગ્રામ વજનવાળી બોટલ બનવાનું શરૂ થયું હતું.ગત વર્ષે આ પ્લાન્ટમાં વેડ મશીનના વેક્યૂમ કપ તૂટી ગયા હતા. આ સિલિકોન વેક્યૂમ કપ જર્મનીથી આવતા હોવાથી મશીનને ફરીવાર શરૂ કરવામાં સમય લાગે એમ હતો. એટલા ગાળામાં કંપનીનું ઘણું એવું ઉત્પાદન ઘટે એમ હતું ઉપરાંત નુકસાન પણ થાય એવું હતું. આવા સમયે શૈલેષભાઈએ પોતાની આત્મસુઝ દાખવીને વેક્યૂમના કપ માટે પાંચ રૂપિયાના સામાન્ય નાઈટ્રાઈટ રબ્બરના કપ વડે મશીનને ચલાવવા યોગ્ય બનાવ્યું. બાદમાં ૧૦૦૦ રૂપિયામાં પડતાં સિલિકોન કપને બદલે નાઈટ્રાઈટ રબ્બરના આ કપ જ વાપરવાનું ચાલુ રાખ્યું. આ મશીન દ્વારા રોજના દોઢ લાખ જેટલા ખાતરની બોટલો બનાવાય છે. જેનું મૂલ્ય લગભગ ૩ કરોડ ૬૦ લાખ રૂપિયા જેટલું થાય છે. શૈલેશભાઈના આ પ્રયાસોને લીધે કંપનીનું ઉત્પાદન અટક્યું નહીં અને કરોડો રૂપિયાનું નુકસાન થતું અટક્યું હતું. રાજ્ય સરકારના શ્રમ વિભાગે તેમના આ પ્રયાસોને બિરદાવતા શ્રમરત્ન પુરસ્કાર આપ્યો છે. જેમાં એક મોમેન્ટો, પ્રશસ્તિપત્ર અને ૨૫૦૦૦ રૂપિયા રોકડ આપ્યા હતા.શૈલેશભાઈ જણાવે છે કે, 'જે તે સમયે અટકી પડેલા કામને લીધે કંપનીના નુકસાનની સાથે સાથે શ્રમિકોના રોજગાર પર પણ અસર પડે એવી હતી. એવામાં મેં જાતે મશીનને ચલાવવાનો પ્રયત્ન કર્યો. આ માટે મેં હાર્ડવેરની દુકાનમાંથી પાંચ પાંચ રૂપિયાના કેટલાક રબ્બરના કપ લઈને તેના ઉપયોગથી મશીનને પુનઃ ચાલુ કર્યું હતું.' વધુમાં તેઓ જણાવે છે કે, 'કંપનીએ મારા આ કામ માટે મને સન્માનિત પણ કર્યો હતો અને પાંચ હજાર રૂપિયા રોકડ પણ આપ્યા હતા અને કંપની દ્વારા તેમના નામની શ્રમ પુરસ્કાર માટે ભલામણ કરવામાં આવી હતી.'

( વિશાલ દંતાણી )

# નિકોલ કેસમાં મુદત સમયે ગેરહાજર રહેનાર હાર્દિક પટેલને કોર્ટે ટકોર કરી

અમદાવાદ,તા.૮

ગુજરાતમા પાટીદાર આંદોલન સમયે અમદાવાદના નિકોલમાં ધારાસભ્ય હાર્દિક પટેલે કરેલા ઉપવાસ બાદ તેમની સામે ફરિયાદ નોંધવામાંઆવી હતી. જેમાં અમદાવાદ ગ્રામ્ય કોર્ટમાં (મિરઝાપુર કોર્ટમાં) હાર્દિક પટેલને હાજર રહેવા માટે ગ્રામ્ય કોર્ટે સમન્સ ઈશ્યુ કર્યું હતું. ત્યારે નિકોલ કેસમાં હાર્દિક પટેલ ગેરહાજર રહેતા કોર્ટે આકરા તેવર બતાવ્યા હતા. કોર્ટે હાર્દિક પટેલની ગેરહાજરી પર ટકોર કરી હતી કે, અમે મેડિકલ પુરાવા નહીં હાર્દિક પટેલને હાજર રાખવા સમન્સ ઈશ્યુ કર્યું છે.

અમદાવાદ ગ્રામ્ય કોર્ટમાં આજે સુનાવણી હતી. ત્યારે હાર્દિક પટેલની ગેરહાજરી પર કોર્ટે કહ્યું કે, સમન્સ પાઠવ્યું છતાં હાર્દિક ગેરહાજર નવાઈની વાત છે. ત્યારે નિકોલ ઉપવાસ કેસમાં ચાર્જફ્રેમમાં મુદત પડી હતી. હાર્દિક પટેલ ગેરહાજર રહેતા વધુ એકવાર મુદત પડી છે. જોકે, હાર્દિક પટેલ ગેરહાજર રહેતા અન્ય આરોપીઓમાં રોષ જોવા મળ્યો હતો. વારંવાર મુદતથી પરેશાન થતા આરોપીઓએ આક્રોશ વ્યક્ત કર્યો હતો. તો કોર્ટમાં પાટીદાર આગેવાનોએ હાર્દિક પટેલનો વિરોધ દર્શાવ્યો હતો.

ઉલ્લેખનીય છે કે, કેસની આજની સુનાવણી સમયે હાર્દિક પટેલ સહિત તમામ આરોપીઓ કોર્ટમાં હાજર રહેવાનું સમન્સ હતું. જો હાર્દિક પટેલ આ કેસમાં હાજર નહીં રહે તો તેની સામે વોરંટ ઈસ્યુ થઈ શકે છે.

# ધાનેરા પોલીસની મોટી કાર્યવાહી ,નશીલા પદાર્થો સાથે બે ઈશમોની ધરપકડ!



ધાનેરા પોલીસે લવારા ચેક પોસ્ટ થી સોમવારે સાંજે રાજસ્થાનથી ડ્રગ્સ લઈને આવતા બે ઈસમોને ઝડપી લીધા હતા જેમની પાસેથી રૂપિયા ૧.૯૫ લાખનું હેરોઈન કબજે લઈ ડ્રગ્સ મંગાવનારા ૧૭ શખ્સો સામે પણ ગુનો નોંધ્યો હતો

સોમવારે મોડી સાંજે ધાનેરા પોલીસની ટીમના દજાભાઈ ભુરાભાઈ રમેશભાઈ ખુમાભાઈ તથા પ્રવીણભાઈએ લવરા ચેકપોસ્ટે બાઈક નંબર જીદ્ધ ૦૮ જી કયુ. ૦૭૨૩ ને રોકાવ્યું હતું જેના ચાલક હરેશ ઉર્ફે હચો ડોન નટવરભાઈ ભેમાભાઈ ગલચર અને વિશાલગીરી શિવગીરી ગોસ્વામી પાસેથી રૂપિયા ૧૫૫૦૦૦ નું ૧૫.૫૦૦ ગ્રામ સ્મેક ડ્રગ્સ મળી આવ્યું હતું.

ધાનેરા પોલીસે લવારા પાસેથી હેરોઈન ઝડપી પાડ્યું અનેક નામો ખુલવાની શક્યતાઓ લોકદરબાર પણ ધાનેરામાં ડ્રગ્સ વેચાણ બાબતે થઈ હતી ધારદાર રજૂઆત

# જો મસજિદો માટે 'વક્ફ બોર્ડ' છે, તો મંદિરો માટે 'હિંદુ બોર્ડ' શા માટે નથી ? - ધારાશાસ્ત્રી વિષ્ણુ જૈન, સર્વોચ્ચ ન્યાયાલય

જળગાવ - મંદિરોનું વ્યવસ્થાપન યોગ્ય ન હોવાનું કારણ આપીને સરકારે મોટાં-મોટાં મંદિરો અધિગ્રહિત કર્યા છે. જે રીતે સરકારે મસજિદો-મદરેસાઓના સંરક્ષણ માટે 'વક્ફ બોર્ડ'ની સ્થાપના કરી છે, તેવી જ રીતે મંદિરોના સંરક્ષણ અને વ્યવસ્થાપન માટે સરકાર મંદિરોનું અધિગ્રહણ કરવાને બદલે 'હિંદુ બોર્ડ'ની સ્થાપના કરીને તેમની પાસે મંદિરો શા માટે સોંપતી નથી ? આ બોર્ડમાં હિંદુ ધર્મ સાથે સંબંધિત શંકરાચાર્ય;, મહામંડળેશ્વર, મઠાધિપતિ ઈત્યાદિ અધિકારી વ્યક્તિઓને સ્થાન આપીને તેમને 'પબ્લિક સર્વંટ'ની શ્રેણી આપવી, એવી માગણી કાશી ખાતેના 'જ્ઞાનવાપી' વિશે લડાઈ લડનારા સર્વોચ્ચ ન્યાયાલયના ધારાશાસ્ત્રી વિષ્ણુશંકર જૈને પત્રકાર પરિષદમાં કરી. આ પત્રકાર પરિષદ માટે હિંદુ જનજાગૃતિ સમિતિના રાષ્ટ્રીય પ્રવક્તા શ્રી. રમેશ શિંદે પણ ઉપસથિત હતા. જળગાવ ખાતે રાજ્યસ્તરીય મંદિરના વાલીઓની (ટ્રસ્ટીઓની) ચાલુ રહેલી 'મહારાષ્ટ્ર મંદિર ન્?ાસ પરિષદ'ની પાર્શ્વભૂમિ પર આ પત્રકાર



પરિષદ લેવામાં આવી. ધારાશાસ્ત્રી વિષ્ણુ શંકર જૈને ઉમેર્યું કે, વર્ષ ૧૯૯૫માં તાત્કાલીન કેંદ્ર સરકારે મુસલમાનોને રીઝવવા માટે 'વક્ફ કાયદો' આ બંધારણ-બાહ્ય કાયદો કર્યો. તેના આધાર પર વક્ફ મંડળને 'પબ્લિક સર્વંટ'ની (લોકસેવકની) શ્રેણી આપી. મુસલમાન છોડતાં અન્ય કોઈ પણ સમાજને 'પબ્લિક સર્વંટ'ની શ્રેણી આપવામાં આવી નથી. વક્ફ મંડળે કોઈપણ સંપત્તિ પર દાવો કર્યા પછી તે સંપત્તિનો સર્વે કરવામાં આવે છે. તેના દ્વારા વક્ફ મંડળને તે સંપત્તિને સીધી 'વક્ફ સંપત્તિ' તરીકે રજિસ્ટ્રાર પાસે નોંધ કરવાનો અધિકાર છે. એમ કરતી વેળાએ તે ભૂમિના ધણીને જણાવવાની તેમાં જોગવાઈ નથી. વર્ષ ૨૦૦૫માં વક્ફ મંડળે તાજમહેલને પણ વક્ફ સંપત્તિ ઘોષિત કરી છે, એવું ધારાશાસ્ત્રી જૈને કહ્યું રાજકારણીઓને રીઝવવા માટે તેમને મંદિરો વહેંચવામાં આવી રહ્યાં છે ! - રમેશ શિંદે, રાષ્ટ્રીય પ્રવક્તા, હિંદુ જનજાગૃતિ સમિતિ હિંદુઓનાં ૪ લાખ મંદિરો સરકારે અધિગ્રહિત કર્યાં છે. મંત્રીમંડળમાં સ્થાન ન મળેલા રાજકારણીઓને રીઝવવા માટે પહેલાં એકાદ મહામંડળ આપવામાં આવતું હતું. હવે તે નેતાઓને એકાદ મંદિર આપવામાં આવે છે. સરકારે અધિગ્રહિત કરેલા પંઢરપુર દેવસ્થાનની હજારો એકર ભૂમિ સરકારના નિયંત્રણમાં જ નહોતી. હિંદુ વિધિજ્ઞ પરિષદની યાચિકાને કારણે અને હિંદુ જનજાગૃતિ સમિતિના પ્રયત્નોને કારણે તેમાંની ૧ હજાર ૦૨૧ એકર જમીન ફરીવાર દેવસ્થાનને પ્રાપ્?ત થઈ છે. આ વિશે સમિતિનો આગળનો સંઘર્ષ ચાલુ છે. તુળજાપુર ખાતેના મંદિરની દાનપેટીની સાર્વજનિક રીતે લિલામી કરવામાં આવતી હતી. તેમાં દાનપેટીમાં જમા થનારા સોના-ચાંદીનો કરોડો રૂપિયાનો ભ્રષ્ટાચાર થયો છે. આ વિશે ન્યાયાલય દ્વારા નિયુક્ત કરેલી પૂછપરછ સમિતિએ ૧૬ અધિકારી, કર્મચારીઓ અને લીલાઉંદારોને દોષી પુરવાર કર્યા છે. તાત્કાલીન સરકારે આ ભ્રષ્ટાચારીઓ પર કોઈપણ કાર્યવાહી થશે નહીં, એવી અયોગ્ય ભૂમિકા લીધી છે. આના વિરોધમાં સમિતિ સંઘર્ષ કરશે અને કોઈપણ ભ્રષ્ટાચારીને છોડવામાં આવશે નહીં, એવું સૂચન 'હિંદુ જનજાગૃતિ સમિતિ'ના રાષ્ટ્રીય પ્રવક્તા શ્રી. રમેશ શિંદેએ કર્યું છે.

આપનો નમ્ર,
શ્રી. સુનીલ ઘનવટ,
હિંદુ જનજાગૃતિ સમિતિ,
(સંપર્ક : ૭૦૨૦૩૮૩૨૬૪)

# લાંબા સમયથી ભાડુ ન ચુકવનાર ૬૩ લારી-ગલ્લા ધારકો તથા કેબિન ધારકોને નોટિસ અપાઇ

તા. ૦૮, ફેબ્રુઆરી ૨૦૨૩
ગાંધીનગર,

ગાંધીનગરમાં વિવિધ વિસ્તારના વેંડર્સ માટે ફળવાયેલી શોપ, શાક માર્કેટના ઓટલા, લારી-ગલ્લા તથા કેબિનના બાકી ભાડાની વસૂલાત માટે મહાનગરપાલિકાની એસ્ટેટ શાખા દ્વારા ડ્રાઈવ ચલાવવામાં આવી રહી છે. જે અંતર્ગત લાંબા સમયથી ભાડુ નહી ચુકવનારા વેંડર્સને નોટિસ આપવામાં આવી છે.

ગાંધીનગરના સેક્ટર ૨૧ ખાતે આવેલી ૬૫ કેબિન પૈકી ૬૩ કેબિન ધારકો દ્વારા લાંબા સમયથી ભાડું ચુકવવામાં આવ્યું ન હોવાથી નોટીસ આપીને ૭ દિવસમાં ભાડુ ચુકવવા માટે જણાવવામાં આવ્યું છે. ૭ દિવસમાં ભાડાની રકમનું ચુકવણું કરવામાં નહી આવે તો ફાળવણી રદ કરવા સહિતની કડક કાર્યવાહી કરવામાં આવશે.ભવિષ્યમાં ગાંધીનગરના તમામ વિસ્તારમાં ડ્રાઈવ ચલાવીને ભાડાની વસુલાત કરવામાં આવશે તથા લાંબા સમયથી ભાડુ ન ચુકવનારા વેન્ડર્સને નોટિસ આપવામાં આવશે તથા ફાળવણી રદ કરવા, સીલિંગ તથા બ્લેક લિસ્ટ કરવા સુધીની કડક કાર્યવાહી કરવામાં આવશે.

# કેન્દ્રીય ખેલમંત્રાલયની વેબસાઈટ ઉપરથી ૧૦૮ અર્જુન એવોર્ડ વિજેતા,

## ૧૩ મેજર ધ્યાનચંદ ખેલરત્ન એવોર્ડ વિજેતા, ૩૬ દ્રોણાચાર્ય એવોર્ડ વિજેતાઓના નામ ગાયબ.

ડીજીટલ ઈન્ડીયાના ફલેગશીપ પ્રોગ્રામ હેઠળ ચાર વર્ષમાં ૨૪૬૪૯ કરોડનું બજેટ ફળવાય પણ સરકાર પોતાની જ વેબસાઈટ અપડેટ કરવામાં નિષ્ફળ.

આજ રોજ રાજીવ ગાંધી ભવન ખાતે પ્રેસવાર્તાને સંબોધતા પાર્થિવરાજસિંહ કઠવાડીયા જણાવ્યું કે કેન્દ્રના ખેલ મંત્રાલયની વેબસાઈટ https://yas.gov.in/sports/sports-awards-0 પર થી દેશનું ગૌરવ ગણાતા મેજર ધ્યાનચંદ ખેલ રત્ન એવોર્ડ, અર્જુન એવોર્ડ વિજેતા ખેલાડીઓ અને દ્રોણાચાર્ય એવોર્ડ વિજેતા કોચના નામ ગાયબ છે. ફેબ્રુઆરી ૨૦૨૩ માં વેબસાઈટ અપડેટ થઈ હોય છતાં ૨૦૧૮ પછી અર્જુન એવોર્ડ વિજેતા મેજર ધ્યાનચંદ ખેલરત્ન એવોર્ડ વિજેતા, મેજર ધ્યાનચંદ લાઈફટાઈમ એવોર્ડ વિજેતા ખેલાડીઓ અને દ્રોણાચાર્ય એવોર્ડ વિજેતા કોચીસના નામ સરકારની ખેલ મંત્રાલય ઉપર અપડેટ નથી કરવામાં આવ્યા, તે દેશનું નામ વિશ્વ ની ફલક ઉપર રોશન કરતા ખેલાડીઓનું અપમાન છે. વર્ષ ૨૦૧૮ પછી દેશ ભરમાં ૧૦૬ ખેલાડીઓને અર્જુન એવોર્ડથી સન્માનિત કરવામાં આવ્યા. ૧૩ ખેલાડીઓને મેજર ધ્યાનચંદ ખેલરત્ન અને ૩૬ મેજર ધ્યાનચંદ લાઈફટાઈમ એવોર્ડ થી ૨૦૧૮ પછી સન્માનિત કરવામાં આવ્યા છે. વિશ્વની ફલક ઉપર ભારતનું નામ રોશન કરતા ખેલાડીઓને તાલીમ આપતા ૩૬ કોચિસને દ્રોણાચાર્ય એવોર્ડથી સન્માનિત કરવામાં આવ્યા છે. ભાજપ સરકાર રાજનીતિ કરવા માટે ખેલ અને ખેલાડીઓનો ઉપયોગ કરી શકે છે, પણ તેમને પૂરતું સન્માન નથી આપી સકતાં. વર્ષ ૨૦૨૧માં રાજીવ ગાંધી ખેલરત્ન એવોર્ડનું નામ બદલી મેજર ધ્યાનચંદ ખેલરત્ન એવોર્ડ કરવામાં આવ્યું તે સરકારી વેબસાઈટ ઉપર અપડેટ થઈ જાય પણ ખેલવીરો-રમતવીરોના નામ અપડેટ ના થાય. સરકાર ડિજિટલ ઈન્ડિયાના નામે છેલ્લા ૫ વર્ષમાં ૨૪૬૪૯ કરોડનું બજેટ ફાળવ્યા પછી પણ સરકાર પોતાના મંત્રાલય માં અમલીકરણ કરવામાં નિષ્ફળ ગયી છે. રવિન્દ્ર જાડેજા, બજરંગ પુનીયા, વીનેશ ફોગાટ,

રોહિત શર્મા, ઈશાંત શર્મા, મિતાલી રાજ જેવા અનેક વિશ્વ વિખ્યાત ખેલાડીઓ જે દેશનું સન્માન અને ગૌરવ છે, તેવા ખેલાડીઓના નામ ખેલ મંત્રાલયની વેબસાઈટ ઉપરથી ગાયબ થવું તે શરમજનક છે. દરેક રમત ગમત માં દેશનું ગૌરવ વધારતા આ ખેલાડીઓ દેશના યુવાનોના પ્રેરણા સ્રોત છે, ખેલાડીઓના નામ અપડેટ ના થવું દુઃખદ છે. ખેલ મંત્રાલય તાત્કાલિક સન્માનીય ખેલાડીઓ અને કોચીસના નામ અપડેટ કરવાની માંગ કરીએ છીએ.

# સનાતન સંસ્થા વતી જરૂરિયાતમંદો ને વસ્ત્ર વિતરણ કરાયું !

કર્ણાવતી - સનાતન સંસ્થા તરફથી સંત તુકડોજી મહારાજના મંદિરમાં વસ્ત્ર વિતરણનો ઉપક્રમ યોજવામાં આવ્યો.આ ઉપક્રમમાં સનાતન સંસ્થા તરફથી આશરે ૫૦ જરૂરિયાતમંદ બાળકો અને સ્ત્રીઓને વસ્ત્રદાન કરવામાં આવ્યું. અહીં, સનાતન સંસ્થાના કાર્યકર્તા શ્રીમતી પારૂલબેન, સૌ. દિપાલીબેન,સૌ. જયશ્રીબેન, હિન્દુત્વનિષ્ઠ શ્રી. ગણેશ ક્ષત્રિય તેમજ તુકડોજી મહારાજ મંદિરના કાર્યકર્તાઓ ઉપસ્થિત હતાં અને એમના સહયોગથી આ કાર્યક્રમ યશસ્વી રીતે પાર પડ્યો.

સુહાસ ગરુડ
સનાતન સંસ્થા, ગુજરાત
સંપર્ક : ૯૭૨૬૬૪૪૩૮૫.

# અર્બન ૨૦ સમિટઃ દેશ વિદેશના મહેમાનોનું આગમન

# ડેલિગેટ્સ ઓટો રિક્ષામાં અમદાવાદ ફર્યા, લો-ગાર્ડનમાં ટ્રેડિશનલ ડ્રેસ ખરીદ્યા, સિદી સૈયદની જાળીની મુલાકાત લીધી

અમદાવાદ

ભારતમાં પહેલીવાર અમદાવાદમાં અર્બન-૨૦ બેઠક યોજાઈ રહી છે. મંગળવારથી દેશ વિદેશના ડેલિગેટ્સનું આગમન શરૂ થઈ ગયું છે. ૩૫થી વધુ વિવિધ દેશના પ્રતિનિધિઓ આ બેઠકમાં ભાગ લઈ રહ્યાં છે. બુધવારે અમદાવાદ એરપોર્ટ પર આગમન વખતે ડેલિગેટ્સનું પરંપરાગત ગુજરાતી શૈલીમાં સ્વાગત કરવામાં આવ્યું હતું. ન્યૂયોર્કના ડેપ્યુટી કમિશનર દિલિપ ચૌહાણ ગુજરાતી કલાકારો સાથે ગરબે પણ ઘૂમ્યાં હતા. ઈન્ડોનેશિયાના પ્રતિનિધિમંડળના સભ્યો એરપોર્ટ પર ગુજરાતી કલાકારોને નિહાળીને ખુશખુશાલ થઈ ગયા હતા. એટલું જ નહીં તેમણે ટ્રેડિશનલ ચણિયાચોળીમાં સજ્જ યુવતીઓને તેમના ડ્રેસ વિશે પૃચ્છા પણ કરી હતી. તથા આ પ્રકારના ડ્રેસ ક્યાં મળે એ વિશે જાણકારી મેળવી હતી. તેમણે જ્યારે જણાવવામાં આવ્યું કે લો-ગાર્ડન ખાતેના બજારમાં ટ્રેડિનશલ ડ્રેસ મળે છે ત્યારે ઈન્ડોનેશિયાના જૂથે બાદમાં લો-ગાર્ડનની મુલાકાત પણ લીધી હતી.

વિદેશી ડેલિગેટ્સને તાજ સ્કાયલાઈન હોટેલ ખાતે રોકાણ અપાયું છે. બુધવારે ચેક-ઈન બાદ વિવિધ દેશના ડેલિગેટ્સે પોતાની રીતે ઑટો રિક્ષામાં બેસીને અમદાવાદની સહેલ કરી હતી. જાકાર્તાથી આવેલા પ્રતિનિધિમંડળના ડો.શ્રી હારાયતી, ફેરી વિબો સુગીહાર્તો સહિતના સભ્યોએ બાદમાં લો-ગાર્ડન ખાતે પરંપરાગત ગુજરાતી ડ્રેસની ખરીદી કરી હતી તથા સિદી સૈયદની જાળી, હઠીસિંહના દેરાની મુલાકાત લીધી હતી. અર્બન-૨૦ બેઠકના ભાગરુપ ગુરુ અને શુક્રવારે બે દિવસ ગંભીર ચર્ચાઓ થશે ત્યારે એ પહેલા શહેરમાં આગમનના દિવસે ડેલિગેટ્સ શહેરની મુલાકાત લઈને અમદાવાદના વાતાવરણ તથા કલ્ચર સાથે ઓતપ્રોત થયા હતા. બુધવારે સાંજે જ ડેલિગેટ્સે અડાલજની વાવની પણ મુલાકાત લીધી હતી. અર્બન-૨૦ બેઠકની પ્રાથમિકતાઓમાં જળ સુરક્ષાનો પણ સમાવેશ થાય છે ત્યારે સેંકડો વર્ષ જૂની અડાલજની વાવની મુલાકાતનું વિશેષ મહત્ત્વ છે.

ઉલ્લેખનીય છે કે અર્બન-૨૦ બેઠકમાં બાર્સેલોના, સાઓ પાઓલો, મિલાન, બ્યુએનોસ એરિસ, ડર્બન, પેરિસ, જોહાનિસબર્ગ, મેડ્રીડ,ટોકિયો, ઈઝમીર,જાકાર્તા, લોસ એન્જેલસ, મેક્સિકો સિટી, ન્યૂયોર્ક, રિયાધ, ક્વિટો, સાઉથ ઢાકા, પોર્ટ લુઈસ સહિતના શહેરોના પ્રતિનિધિઓ સામેલ થશે. સાથે જ ક્લાઈમેટ ૪૦ (સી-૪૦) ગ્રુપના વિવિધ દેશના પ્રતિનિધિઓ પણ સામેલ થશે.

# અમદાવાદમાં એમ ચાર રસ્તા બ્રિજ પરથી યુવતીએ મોતની છલાંગ મારતા સોશિયલ મીડિયામાં વિડીયો થયો વાયરલ

અમદાવાદ જેવા મેગાસિટીમાં આજના આધુનિક યુગમાં યુવા પેઢી આત્મા નિર્ભર બનવાના બદલે આત્મહત્યાઓ ના પ્રયાસ કર્યા ની ઘટના લાલ બત્તી સમાન બની છે શિક્ષણ ક્ષેત્રે સામાજિક ક્ષેત્રે પરિવારિક ક્ષેત્રે ટેકનોલોજી યુગમાં ક્યારેક કયા માનવના માઈન્ડ ડિફરેન્સમાં આવી જાય છે જેના પરિણામે ન થવાના બનાવો બનવા લાગ્યા છે આવું જ કંઈક અમદાવાદ જેવા મેગા સિટીમાં એમ ચાર રસ્તા અમદાવાદ બ્રિજ પર મોતની છલાં કોઈ યુવતીએ મારી છે એવો વિડિયો સોશિયલ મીડિયામાં વાયરલ થયો છે જેથી પરિવારિક શૈક્ષણિક સંસ્કારી બાળક બને એ દિશામાં પરિવારના મોભી સર્વે સમાજના અગ્રણીઓ આગેવાનો એ ચિંતન શિબિર યોજવાની જરૂર છે જેથી કોઈ દુઃખદ ઘટનાનો ભોગ યુવા પેઢી ડિપ્રેશનમાં આવીને ના કરે તે દિશામાં દરેક સમાજ ના અગ્રણીઓ આગેવાનો યુવા વ્યક્તિએ આગળ આવવું જરૂરી બન્યું છે

# ગુજરાતમાં વર્ષ ૨૦૨૦માં ૩૫૪૮૨ ઔદ્યોગીક તાલીમાર્થીઓ પાસ થયા હતા જેમાંથી માત્ર ૯૨ તાલીમાર્થીઓને રોજગાર મળ્યોઃ સ્કીલ ડેવલપમેન્ટના કરોડો રૂપિયા જાહેરાતમાં ખર્ચાયા

ગુજરાતની ઔદ્યોગીક તાલીમ સંસ્થા (આઈ.ટી.આઈ) માં કાર્યરત ઈન્સ્ટ્રક્ટર, અભ્યાસકર્તા વિદ્યાર્થીઓ, પ્લેસમેન્ટ અને માળખાકીય સુવિધા અંગે નીતિ આયોગના અહેવાલમાં ગુજરાતની ઔદ્યોગીક તાલીમ સંસ્થાની કથળતી શૈક્ષણિક અને માળખાકીય વ્યવસ્થાની પોલ ખુલ્લી પડી : બજેટ નાણાં ક્યાં ગયા?

ઔદ્યોગીક તાલીમ મેળવ્યા બાદ વર્ષ ૨૦૨૦ પહેલા અને પછી કેટલા તાલીમાર્થીઓને રોજગાર મળ્યો તેની કોઈ વિગત સરકાર પાસે નથીઃ ક્યાં ગઈ ભાજપ સરકારની ડીજીટલ ગુજરાતની જાહેરાતો ?

સમગ્ર દેશ અને ગુજરાતની ઔદ્યોગીક તાલીમ સંસ્થા (આઈ.ટી.આઈ) માં કાર્યરત ઈન્સ્ટ્રક્ટર, અભ્યાસકર્તા વિદ્યાર્થીઓ, પ્લેસમેન્ટ અને માળખાકીય સુવિધા અંગે નીતિ આયોગના અહેવાલમાં ગુજરાતની ઔદ્યોગીક તાલીમ સંસ્થાની કથળતી શૈક્ષણિક અને માળખાકીય વ્યવસ્થાની પોલ ખુલ્લી પડી ગઈ છે ત્યારે સ્કીલ ડેવલપમેન્ટ અને શ્રમવિકાસ રોજગાર વિભાગના કરોડો રૂપિયા ક્યાં વપરાઈ રહ્યાં છે તેવો ભાજપ સરકારને પ્રશ્ન કરતાં ગુજરાત પ્રદેશ કોંગ્રેસ મીડીયા કન્વીનર અને પ્રવક્તા ડૉ. મનિષ દોશીએ જણાવ્યું હતું કે, ગુજરાતમાં ઔદ્યોગીક તાલીમ સંસ્થામાં તાલીમ મેળવ્યાં બાદ પણ યુવાનોને રોજગાર મળતો નથી. વર્ષ ૨૦૨૦માં ૩૫૪૮૨ ઔદ્યોગીક તાલીમાર્થીઓ પાસ થયા હતા જેમાંથી માત્ર ૯૨ તાલીમાર્થીઓને રોજગાર મળ્યો છે. શૈક્ષણિક વર્ષ ૨૦૨૧માં રાજ્યમાં ૧૩૬૮૦૦ બેઠકો હતી જેમાંથી ૮૧૨૦૦ બેઠક ભરાઈ, ૪૦ ટકા થી વધુ બેઠકો ખાલી રહી હતી. આ ઔદ્યોગીક તાલીમ સંસ્થાઓમાં મહિલા તાલીમાર્થીઓની સંખ્યા માત્ર ૧૮.૭૮ ટકા જ છે. નીતિ આયોગના ઔદ્યોગીક તાલીમ સંસ્થા અંગેના અહેવાલે ભાજપ સરકારની ઔદ્યોગીક તાલીમ સંસ્થાની શૈક્ષણિક અને માળખાકીય સુવિધાની પોલ ખોલી નાખી છે. ગુજરાતની આઈ.ટી.આઈ.માં ઈન્સ્ટ્રક્ટર માટે કુલ ૧૦૦૦૪ મંજુર કરવામાં આવી છે જેમાંથી ૪૦૦૦ થી વધુ જગ્યાઓ લાંબા સમયથી ખાલી છે. બે કરોડ રોજગાર આપવાની વાતો કરતી ભાજપ સરકાર પાસે રોજગારના કોઈ આંકડા નથી. ઔદ્યોગીક તાલીમ મેળવ્યા બાદ વર્ષ ૨૦૨૦ પહેલા અને પછી કેટલા તાલીમાર્થીઓને રોજગાર મળ્યો તેની કોઈ વિગત સરકાર પાસે નથી. ગુજરાતની ૨૧૬ સરકારી ઔદ્યોગીક તાલીમ સંસ્થાઓમાંથી માત્ર ૪૯ સંસ્થાઓ ૨ થી વધુ ગ્રેડ અને માત્ર ૩૬ સંસ્થાઓ એ ૧ થી ઓછો ગ્રેડ મેળવ્યો છે. પ્રાઈવેટ ૧૫૬ આઈ.ટી.આઈ. માંથી માત્ર ૧૩ સંસ્થાઓએ ૨ થી વધુ ગ્રેડ મેળવ્યો છે જ્યારે ૭૬ આઈ.ટી.આઈ.એ ૧ થી ઓછો ગ્રેડ મેળવ્યો છે. ગુજરાતમાં દિવસે દિવસે થઈ રહેલા ઔદ્યોગીક તાલીમ સંસ્થાઓના કથળતા સ્તર અંગે નીતિ આયોગના અહેવાલમાં જણાવ્યા અનુસાર ઔદ્યોગીક એકમો સાથેના જોડાણનો અભાવ, પુરતા સ્ટાફનો અભાવ, પુરતી માળખાકીય સુવિધાનો અભાવ, નાણાંકીય ફાળવણીમાં ઘટ, પ્લેસમેન્ટનો અભાવ સહિતના કારણે ગુજરાતના યુવાનો ઔદ્યોગીક તાલીમ મેળવ્યા બાદ પણ રોજગાર મળ્યો નથી ત્યારે ઔદ્યોગીક તાલીમ સંસ્થામાં ઈન્ડ્રસ્ટીઝ – ઈન્સ્ટીટ્યુટ જોડાણ મજબૂત કરવામાં આવે, પુરતા ક્વોલીફાઈડ ઈન્સ્ટ્રક્ટરોની નિમણૂંક કરવામાં આવે, કોર્પોરેટ સોશ્યલ રીસ્પોસીબીલીટી (સી.એસ.આર.) હેઠળના નાણાં ઔદ્યોગીક તાલીમ સંસ્થાને ટેકનીકલ મેનપાવર તૈયાર કરવા માટે વપરાય તોજ રાજ્યના યુવાનોના ભવિષ્ય માટે જરૂરી "હર હાથને રોજગાર" મળશે.


(ડૉ. મનિષ એમ. દોશી)
મો. ૯૪૨૬૦૦૧૫૯૯

# સતત ત્રીજા દિવસે સુરતના ઉદ્યોગપતિને ત્યાં આઈટીના દરોડા

સુરત,તા.૮

સુરત આવકવેરા વિભાગે ફરી એકવાર ઉદ્યોગપતિઓ પર તવાઈ બોલાવી છે. સુરત શહેરના અડાજણ વિસ્તારના ઉદ્યોગપતિ ઉમર જનરલના ૧૫ સ્થળો પર સતત ત્રીજા દિવસે આવકવેરા વિભાગની ટીમો દ્વારા ત્રાટકી છે. સૂત્રો દ્વારા મળતી માહિતી મુજબ આવકવેરા વિભાગની ટીમોએ કેટલાંક મહત્વના દસ્તાવેજો જપ્ત કર્યા છે. જેમાં કાપડ મેન્યુફેક્ચરિંગ એક્સપોર્ટ, કન્સ્ટ્રક્શનના હિસાબ ચકાસાયા હોવાની માહિતી મળી રહી છે. ૩૦૦ કરોડનું ટર્ન ઓવર ધરાવતા ઉદ્યોગપતિના નિવાસસ્થાને પણ આવકવેરા વિભાગની ટીમ સર્ચમાં જોતરાઈ છે.

માર્ચ એન્ડિંગ નજીક આવતા ફરી આવકવેરા વિભાગની ટીમો સક્રિય થઈ છે. જેને લઈને ઉદ્યોગકારોમાં ફફડાટ ફેલાયો છે.




# રાજકોટને એપ્રિલ મહિનામાં ઈન્ટરનેશનલ એરપોર્ટ મળશે, વડાપ્રધાન મોદીના હસ્તે લોકાર્પણ થઈ શકે છે

રાજકોટ,તા.૮

રાજકોટ પાસે ૧૪૦૦ કરોડના ખર્ચે ઈન્ટરનેશનલ એરપોર્ટ બનાવવામાં આવી રહ્યું છે. હીરાસર ખાતે આંતરરાષ્ટ્રીય ગ્રીનફિલ્ડ એરપોર્ટની કામગીરીની ૯૦ ટકા જેટલી પૂર્ણ થઈ ગઈ છે અને ટૂંક સમયમાં સંપૂર્ણ કામગીરી પૂર્ણ થઈ જશે. ત્યારે હવે રાજકોટની ભાગોળે તૈયાર થઈ રહેલા હિરાસર ઈન્ટરનેશનલ એરપોર્ટના લોકાર્પણનું કાઉન્ટડાઉન શરૂ થઈ ગયું છે. આગામી એપ્રિલ મહિનામાં હિરાસર એરપોર્ટનું લોકાર્પણ થઈ શકે છે. એરપોર્ટના લોકાર્પણ માટે વડાપ્રધાન નરેન્દ્ર મોદીને આમંત્રણ આપવામાં આવશે.

ગ્રીનફિલ્ડ એરપોર્ટનું હાલ ૯૦ ટકા કામ પૂર્ણ થયું છે. બોક્સ લવર્ડ, રનવે, પાર્કિંગ, ટેક્સી ટ્રેક, એપ્રન અને કોમ્યુનિકેશન બિલ્ડિંગ સહિતની કામગીરી ૧૦૦ ટકા પૂર્ણ થઈ ચૂકી છે. આ ઉપરાંત બાઉન્ડ્રી વોલની કામગીરી પણ ૯૦ ટકા સુધી થઈ ગઈ છે. જમીનને સમતળ કરવાની કામગીરી પણ પ્રોગ્રેસમાં છે અને ૯૫ ટકા જેટલી કામગીરી પૂર્ણ થઈ છે. હાલમાં એરપોર્ટના રનવે તેમજ અન્ય કામગીરીનું ટેસ્ટિંગ થઈ રહ્યું છે. કેન્દ્ર સરકારના ક્લિયરન્સ બાદ તંત્ર દ્વારા લોકાર્પણની ફાઈનલ તારીખ જાહેર કરવામાં આવશે.થોડા દિવસ પહેલા કલેક્ટર દ્વારા એરપોર્ટની ચાલી રહેલી કામગીરીની સમીક્ષા કરવામાં આવી હતી અને જરૂરી સૂચનો વિવિધ વિભાગને કરવામાં આવ્યા હતા. ગત જાન્યુઆરી મહિનામાં જ કેન્દ્રીય સચિવ સહિતનો કાફલો રાજકોટ દોડી આવ્યો હતો. તો હિરાસર આંતરરાષ્ટ્રીય ગ્રીનફીલ્ડ એરપોર્ટની કેન્દ્રીય નાગરિક ઉડ્ડયન સચિવ રાજીવ બંસલે પણ મુલાકાત લીધી હતી અને એરપોર્ટમાં ચાલતી કામગીરીની સમીક્ષા કરી હતી. હિરાસર ગ્રીનફીલ્ડ એરપોર્ટના પ્રથમ તબક્કામાં ૩ કિલોમીટરના રન-વેનું કામ પૂર્ણ થઈ ગયું છે. એપ્રન, ટેક્સી વેય્ઝની કામગીરી પણ પૂર્ણ થઈ ગઈ છે. રન-વે પર લેન્ડિંગ લાઈટ્સ લાગી ગઈ છે તથા ફાયર સ્ટેશનની કામગીરી પણ પૂર્ણ થવાની તૈયારીમાં છે

Printer/Publisher/Owner & Editor : Pradip A. Raval Printed At :-Shivam Offset, Plot No. 101/1/9, G.I.D.C., Sector-28, Gandhinagar. Published At Plot No. 581/1, Sector - 7B, Gandhinagar - 382007, Gujarat.